આજનો સુવિચાર
આજે તમે જે પીડા સહન કરી રહ્યા છો તે ભવિષ્યમાં તમારી તાકાત બની જશે !

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૧૨ જૂનાગઢ તા.૨૪-૦૪-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 112, Junagadh : Date : 24 April, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## શુક્રવારે લોકસભાની ૮૮ બેઠકો પર મતદાન

### ચૂંટણીનાં બીજા તબક્કામાં ૧૨ રાજયમાં ફેલાયેલી ૮૮ બેઠકો ઉપર ૧૨૦૬ ઉમેદવારો મેદાનમાં : આજે સાંજે પાંચનાં ટકોરે જાહેર પ્રચાર પડઘમનો અંત : મતદાન પર હીટવેવની અસર થશે ?

નવી દિલ્હી તા. ૨૪ : લોકસભાની ચૂંટણીન બીજા તબક્કાના મતદાન માટે ચૂંટણીનો ઘોંઘાટ શમી જશે. આ પછી, કોઈ જાહેર સભા નહીં હોય અને ઉમેદવારો અને તેમના સ્ટાર પ્રચારકો આગામી ૪૮ કલાક સુધી ઘરે-ઘરે જઈને મત માંગી શકશે. બીજા તબક્કામાં ૨૬ એપ્રિલે ૧૨ રાજયો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની ૮૮ લોકસભા બેઠકો પર મતદાન થશે. કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, શશિ થરૂર, અભિનેત્રી હેમા માલિની, રામાયણ સિરિયલના રામ અરુણ ગોવિલ સહિત ૧,૨૦૬ ઉમેદવારો મેદાનમાં છે.

પ્રથમ તબક્કામાં ઓછા મતદાનને જોતા ચૂંટણી પંચે તેના કર્મચારીઓને લોકોને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવા જણાવ્યું છે. આ ઉપરાંત ચૂંટણી પંચે પણ આ વખતે નવો પ્રયોગ કર્યો છે, તેણે શહેરી વિસ્તારોમાં બહુમાળી ઈમારતોમાં મતદાનની વ્યવસ્થા કરી છે. મતદાનનો સમય સવારે ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીનો છે, પરંતુ સમય પૂરો થયા પછી પણ જો લોકો કતારમાં ઊભા રહેશે તો તેઓ પણ મતદાન કરી શકશે.

બીજા તબક્કામાં ઉત્તર પ્રદેશની ૮ બેઠકો પર મતદાન થશે, જયાં ૯૧ ઉમેદવારો છે. ગૌતમ બુદ્ધનગર અને મથુરાની બેઠકો પર સૌથી વધુ ૧૫-૧૫ ઉમેદવારો છે. બુલંદશહરમાં માત્ર ૬ ઉમેદવારો મેદાનમાં છે. અમરોહામાં ૧૨, મેરઠમાં આઠ, બાગપતમાં સાત, ગાઝિયાબાદ અને અલીગઢમાં ૧૪-૧૪ ઉમેદવારો મેદાનમાં છે. આ તબક્કામાં રાજયની ગૌતમ બુદ્ધ નગર, ગાઝિયાબાદ, અમરોહા, મેરઠ, બાગપત, બુલંદશહર, અલીગઢ અને મથુરા બેઠકો માટે મતદાન થશત લોકસભાની ચૂંટણીમાં મતદારોની ઉદાસીનતા અને હવામાનની પ્રતિકુઈ સ્થિતિએ રાજકીય પક્ષોની ચિંતા વધારી દીધી છે. યુપીમાં પ્રથમ તબક્કાની ૮ લોકસભા સીટો પર ૨૦૧૯ની સરખામણીમાં મતદાનમાં ૫.૩૬ ટકાનો ઘટાડો થયો છે. બીજા તબક્કાનું મતદાન ૨૬ એપ્રિલે છે. તે દિવસે તાપમાન ૪૦ ડિગ્રીને પાર થવાની ધારણા છે. હવામાન વિભાગે હીટ વેવની ચેતવણી જારી કરી છે. આવી સ્થિતિમાં બીજા તબક્કામાં પણ હીટ વેવને કારણે મતદાન પર અસર થવાનો ખતરો વધી ગયો છે. તેથી, રાજકીય પક્ષોએ મતદારોને જાગૃત કરવા અને તેમને બૂથ સુધી લઈ જવા માટે તેમના પ્રયાસા તેજ કર્યા છે.

### દિલ્હીનાં હવામાનમાં અચાનક પલ્ટો : આંધી - વરસાદ

નવી દિલ્હી,તા.૨૪

દેશના અર્ધોઅર્ધ ભાગે આકરી ગરમી-હીટવેવની સ્થિતિ છે ત્યારે પાટનગર દિલ્હીમાં આંધી-વરસાદ સાથે એકાએક હવામાનપલ્ટો સર્જાયો હતો. વાતાવરણ એટલી હદે બદલાયુ હતું કે દિલ્હી તરફ જતી ૧૫ ફલાઈટ ડાઈવર્ટ કરવામાં આવ્યા હતી. પાટનગરના અનેક ભાગોમાં એકાએક વાતાવરણ બદલાઈ ગયુ હતું તેજ પવન સાથેની આંધી સાથે વરસાદ ખાબકતા રસ્તા પર પાણી રેલાવા લાગ્યા હતા.

## ગાઝામાં ઈઝરાયેલી સેનાની બર્બરતા : હોસ્પીટલનાં ખોદકામ દરમ્યાન ૨૦૦ મૃતદેહો મળી આવ્યા



ગાઝા તા. ૨૪ : ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ શરૂ થયાને ૨૦૦ દિવસથી વધુ સમય થઈ ગયો છે. ગાઝા શહેરમાં ઈઝરાયેલની સેના દ્વારા કરવામાં આવેલા નરસંહારથી અમેરિકા પણ ઉશ્કેરાઈ ગયું છે. તેણે તેની એક બટાલિયન પર પ્રતિબંધોની જાહેરાત કરી છે. દરમિયાન ગાઝામાં એક નવું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. હમાસના અધિકારીઓનો આરોપ છે કે ખાન યુનિસ હોસ્પીટલમાં ખોદકામ દરમિયાન ૨૦૦ થી વધુ મૃતદેહો મળી આવ્યા હતા. હમાસે ઈઝરાયેલ પર હોસ્પીટલને સામૂહિક કબ્રસ્તાનમાં ફેરવવાનો આરોપ લગાવ્યો છે. મૃતદેહોની બર્બરતા પર સંયુક્ત રાષ્ટ્ર પણ રોષે ભરાયું છે. તેમનું કહેવું છે કે કેટલાક મૃતદેહોના હાથ બાંધેલા હતા અને કેટલાકના શરીર પર કપડાં પણ નહોતા. હમાસના અધિકારીઓએ દાવો કર્યો હતો કે ઈઝરાયેલી દળો દ્વારા સેંકડો નિર્દોષ લોકો માર્યા ગયા હતા અને તેમને હોસ્પિટલમાં દફનાવવામાં આવ્યા હતા. હમાસે અહીં સામૂહિક કબર હોવાનો દાવો કર્યો છે. જોકે, ઈઝરાયેલની સેનાએ હમાસના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા અને આ દાવાને ખોટો ગણાવ્યો હતો.

કેટલાક મૃતદેહોના હાથ બાંધેલા હતા, તો કેટલાકના શરીર પર કપડાં પણ નહોતા તો બીજી તરફ સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર કાર્યાલયે દાવો કર્યો છે કે હોસ્પીટલમાં ખોદકામ દરમિયાન મળી આવેલા કેટલાક મૃતદેહોના હાથ બાંધેલા હતા અને કેટલાકના કપડાં છીનવી લેવામાં આવ્યા હતા. આઈડીએફએ આ કેસ પર સખત પ્રતિક્રિયા આપતા કહ્યું કે તાજેતરના મહિનાઓમાં નાસર હોસ્પીટલના વિસ્તારમાં તેની કામગીરી દરમિયાન, તેના સૈનિકોએ 'ઈઝરાયેલી બંધકોને શોધવા માટે હોસ્પીટલના મેદાનમાં પેલેસ્ટીનિયનો દ્વારા દફનાવવામાં આવેલા શબની તપાસ કરી હતી.'

### આગામી પાંચ વર્ષમાં ટ્રેનની કન્ફર્મ ટીકીટ મળશે

નવી દિલ્હી તા. ૧૪ : રેલવેને દેશની લાઈફલાઈન કહેવામાં આવે છે. દરરોજ કરોડો લોકો ટ્રેનથી પ્રવાસ કરે છે. હાલના દિવસોમાં ગરમી સીઝન ચાલી રહી છે અને વેકેશનમાં કન્ફર્મ ટિકિટની મારામારી થાય છે. જેથી આગામી પાંચ વર્ષમાં જે યાત્રી ટ્રેન દ્વારા પ્રવાસ કરવા ઈચ્છે છે, એ બધા પેસેન્જરોને કન્ફર્મ ટિકિટ મળશે, એ મોદીની ગેરંટી છે, તેમ રેલવે મંત્રી અને આઈટી પ્રધાન અશ્વિની વૈષ્ણવએ કહ્યું હતું. તેમણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે છેલ્લાં ૧૦ વર્ષોમાં વડા પ્રધાન મોદીની આગેવાનીમાં રેલવેમાં ભારે બદલાવ આવ્યો છે. આગામી પાંચ વર્ષોમાં વડા પ્રધાન મોદીની ગેરન્ટી છે કે રેલવેની ક્ષમતા એટલી વધી જશે કે યાત્રા કરવાવાળા દરેક યાત્રીને સરળતાથી કન્ફર્મ ટિકિટ મળી શકે.

## તા. ૧-૨ મેનાં રોજ વડાપ્રધાન મોદી ગુજરાતમાં ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરશે



નવી દિલ્હી તા. ૨૪ : દેશમાં સાત તબક્કામાં યોજાનાર લોકસભા ચૂંટણી ૨૦૨૪ના બીજા તબક્કાનું મતદાન પૂરૂં થતાં ભાજપના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતની ૨૬ પૈકી ૨૫ બેઠકો માટે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર શરૂ કરશે. ગુજરાતના સ્થાપના દિનના દિવસે જ પોતાના કાર્પેટ બોમ્બિંગનો વડાપ્રધાન નરેન્દ્ર મોદી આરંભ કરે તેવી રીતે આયોજન કરાયું છે. વડાપ્રધાન ૧-૨ મે એમ બે દિવસમાં જ ૬ જાહેરસભાઓ ગજવશે અને સંભવતઃ વડોદરામાં રોડ શો પણ કરી શકે છે. વડાપ્રધાનના પ્રવાસ પહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ ત્રણ દિવસ પોતાના હોમ સ્ટેટમાં ભાજપના પ્રચાર માટે આવશે.

ગુજરાતમાં ત્રીજા તબક્કામાં એટલે કે ૭ મેના રોજ મતદાન યોજાશે. તા. ૫ મેના રોજ પ્રચાર પડઘમ શાંત થાય એ પહેલાં ભાજપ પોતાના રાષ્ટ્રીય નેતાઓના પ્રચાર પ્રવાસનો ગોઠવીને લાંબા સમયથી પ્રવર્તતા નિરસ પ્રચારમાં ગરમી આણશે. આમ તો હાલ રાજયમાં ગરમીનો પ્રકોપ છે અને મોટાભાગના ઉમેદવારો સવારથી બપોર અને સાંજથી રાત સુધી નાની નાની સભાઓ, બેઠકો, સામાજિક બેઠકો યોજી પ્રચાર કરી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના સ્થાપના દિને જૂનાગઢથી પ્રચાર પ્રવાસનો આરંભ કરે એવી રીતે આયોજન થયું છે. વડાપ્રધાન તા.૧ મેએ બનાસકાંઠા અને આણંદમાં સભા ગજવશે. ૨ તારીખે સુરેન્દ્રનગર, બનાસકાંઠા, ભરૂચમાં સભા ગજવી વડોદરામાં રોડ શો કરશે.

વડાપ્રધાનનો પ્રવાસ દક્ષિણ ગુજરાતની બેઠકો સિવાય કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતને આવરી લેશે. જેમાં દરેક સભામાં આસપાસની ત્રણ-ચાર બેઠકોને આવરી લેવાશે.

## અમદાવાદ પોલીસ કમિશ્નરનાં કલમ ૧૪૪ હેઠળનાં પરીપત્રને ક્ષત્રીયોએ હાઈકોર્ટમાં પડકાર્યો

### પો.કમિશ્નરે કાળા વાવટા સાથેનાં વિરોધ પ્રદર્શન પર પ્રતિબંધ મુકયો હતો : શાંતિપૂર્ણ વિરોધનો લોકોનો અધિકાર છિનવાઈ રહયો હોવાની હાઈકોર્ટમાં ફરીયાદ

અમદાવાદ તા. ૨૪ ગુજરાતમાં લોકસભા ચૂંટણી સમયે અમદાવાદ પોલીસ કમિશ્નર દ્વારા ચુંટણી લડતા ઉમેદવારો કે તેમની પ્રચાર સભા કે રેલી સહિતના સ્થળો પર કાળા વાવટા ફરકાવવા સહિતના દેખાવો પર કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધ મુકયો છે તેની સામે ક્ષત્રિય સમાજે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને આ પ્રકારના શાંતિપૂર્ણ વિરોધનો લોકોનો અધિકાર છીનવાઈ રહ્યો હોવાની ફરિયાદ કરી છે.

કરણી સેનાના પુર્વ કન્વીનર તથા ક્ષત્રિય અગ્રણી અર્જુનસિંહ ગોહિલે અમદાવાદ પોલીસ કમિશ્નરના આ પરિપત્રને પડકાર્યો છે. ગત સપ્તાહે આ જાહેરનામું બહાર પડયુ હતું. રાજયભરમાં ક્ષત્રિય આંદોલન ચાલી રહ્યું છે તેમાં હાલ આ પ્રકારનો પ્રતિબંધ ફકત અમદાવાદમાં જ મુકાયો છે તે સૂચક છે. અરજીમાં જણાવ્યું છે કે, આ પ્રકારના પ્રતિબંધો ફકત તાકીદની સ્થિતિને ધ્યાનમાં રાખીને મુકવામાં આવે છે અને પરિપત્રમાં આવી કોઈ પરીસ્થિતિ સર્જાઈ હોય તેવું દર્શાવાયુ નથી. આ ઉપરાંત પોલીસ કમિશ્નરે આ પ્રકારના કલમ ૧૪૪ હેઠળના પ્રતિબંધાત્મક આદેશો અંગે જીલ્લા કલેકટરનો અભિપ્રાય લેવાનો હોય છે અને આ કેસમાં આ પ્રકારનો અભિપ્રાય મેળવાયો નથી. ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપના ચુંટણી પ્રચાર કાર્યક્રમો અને કાર્યાલયો તથા રેલીમાં વિરોધ પ્રદર્શન રૂપે આ પ્રકારે કાળા વાવટા દેખાડે છે અને આ રીતે વ્યાપક વિરોધ બનતા ભાજપે તેના ગ્રામીણ ક્ષેત્રોમાં તેના અનેક કાર્યક્રમો રદ કરવા પડી રહ્યા છે.

### સમાચાર રાઉન્ડ અપ

- ગ્લોબલ વોર્મિંગથી સમગ્ર વિશ્વનાં દેશો મુશ્કેલીમાં : ૨૦૨૩નું વર્ષ એશિયન દેશો માટે સૌથી વધુ વિનાશકારી સાબીત થયું : ૭૯ કુદરતી આફતો આવી
- ગરમીમાં રાજયમાં વિજ વપરાશ ૨૩ હજાર મેગાવોટને વટાવી ગયો
- વૈજ્ઞાનિકોએ ગણતરીની મિનિટોમાં જ કેન્સરને પકડી શકે તેવું ઉપકરણ શોધ્યું
- અબુધાબીનો રાજવી પરીવાર પૃથ્વી પરનો સૌથી સમૃધ્ધ પરીવાર : એલોન મસ્ક કરતા પણ બમણી સંપતિ
- માળીયા હાટીનામાં ૧૦૦ ક્ષત્રીય આગેવાનો ભાજપ સાથે છેડો ફાડી કોંગ્રેસમાં જોડાયા : રાજકીય નવા-જુની
- અયોધ્યામાં રામમંદિરનાં બાકીનાં પ્રોજેકટનાં નિર્માણ કાર્યમાં ઝડપ : રોજનાં ૪૦૦૦ કારીગરો કામ કરે છે
- ભ્રામક જાહેરાતો અટકાવવા શું પગલા ભર્યા ? કેન્દ્ર સરકારને સ્પષ્ટતા કરવા સુપ્રિમ કોર્ટનો આદેશ
- રાહુલ ગાંધી અમેઠીથી અને પ્રિયંકા ગાંધી રાયબરેલીથી ચૂંટણી લડશે તેવા અહેવાલો

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA, HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોનઃ (૦૨૮૫) ફો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૯૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાના નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
● મરચું ● હળદર ● ધાણાજીરૂ ● ગરમ મસાલો

1-2 ગ્રામ સોનાના ફોર્મીંગ દાગીના
આ કટીંગ સાથે લાવનારને ખરીદી પર ગીફટ ફ્રી
ઓનલાઈન ડિઝાઈન જોવા માટે M. 91730 21566
શિવ ફેશન જવેલરી
ગુંદાવાડી મેઈન રોડ, ચોરા પાસે, રામજી મંદિરની સામે, ગોલ્ડન કોમ્પ., રાજકોટ.

ખોડલધામ ટુર
મથુરભાઈ વાગડીયા
જૂનાગઢ. મો. ૮૦૦૦૦ ૧૧૯૨૭
(૧) ચાલો ઉત્તરાખંડ ચારધામ
ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, હરીદ્વાર, ગોકુળ, મથુરા,
પ્ર. દિવ. ૧૮ ઉ. તા. ૧૫-૫-૨૦૨૪
(૨) ચાલો અમરનાથ બર્ફિલા મહાદેવ
વૈષ્ણોદેવી, શ્રીનગર, અમૃતસર, વાઘા બોર્ડર
પ્ર. દિવ. ૧૫ ઉ. તા. ૧-૭-૨૦૨૪
(૩) ચાલો અયોધ્યા બનારસ ગયા
ઉજ્જૈન, ચિત્રકુટ, અલહાબાદ, હરીદ્વાર, ગોકુલ, મથુરા, પુષ્કર, શ્રીનાથજી
પ્ર.દિવ.૧૫ ઉ. દરમહિને

Sterling HOSPITALS
મગજ અને જ્ઞાનતંતુઓના રોગોના નિષ્ણાંત ડોકટર દ્વારા ખાસ ઓપીડી આપના શહેર જૂનાગઢમાં
ડૉ. સારિકા પાટીલ
MD, DM (Neurology-Mumbai), FMDS (Movement Disorder Specialist)
સૌરાષ્ટ્ર-કચ્છના એકમાત્ર મુવમેન્ટ ડિસઓર્ડર અને પાર્કિન્સન ડિસીઝના સ્પેશ્યાલિસ્ટ
તારીખ: 25th એપ્રિલ, ગુરુવાર
સમય: સાંજે 05:30 થી 07:00 વાગ્યા સુધી
ઓપીડી સ્થળ: યુનિક મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ, જૂનાગઢ.
નામ લખાવવા માટે સંપર્ક કરો: 97127 03381
વધુ માહિતી માટે: 97121 19393

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત્ત (એસીડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો. પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૯૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

### અમદાવાદના ૩૫ હજાર લોકોએ મુસાફરી કરી

# ભારતમાં એક જ દિવસમાં ચાર લાખથી વધુ લોકોએ હવાઈ મુસાફરી કરી

## દેશમાં ૬૧૨૮ ફલાઈટનું સંચાલન કરાયું, જેમાં અમદાવાદથી ૨૭૦ ફલાઈટ ઓપરેટ થઈ




અમદાવાદ, તા.૨૪

ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા ઓફિશિયલ પ્લેટફોર્મ પર જાહેરાત કરવામાં આવી છે કે, ૨૧મી એપ્રિલના રોજ ભારતના ઈતિહાસમાં સૌથી વધુ ડોમેસ્ટિક મુસાફરોએ હવાઈ મુસાફરી કરવાનો રેકોર્ડ બનાવ્યો છે. ૨૧મી એપ્રિલે કુલ ૪.૭૧,૭૨૧ પ્રવાસીઓએ હવાઈ મુસાફરી કરી હતી. જ્યારે આ દિવસે દેશમાં જુદા જુદા એરપોર્ટ પરથી કુલ ૬૧૨૮ ફલાઈટ ઓપરેટ કરવામાં આવી હતી. જે દિવસે દેશના ડોમેસ્ટિક મુસાફરોએ રેકોર્ડ બ્રેક કર્યો તે દિવસે અમદાવાદ એરપોર્ટ પરથી ૩૫ હજાર મુસાફરોએ આવાગમન કર્યું હતું અને અમદાવાદ એરપોર્ટ પરથી ૨૧મી એપ્રિલના રોજ ૨૭૦ ફલાઈટ ઓપરેટ કરવામાં આવી હતી. પહેલા હવાઈ યાત્રા કરે તે ધનિક જ હોય તેમ કહેવાતું હતું, પરંતુ હવે ધીમે ધીમે હવાઈ યાત્રા લોકોની જરૂરિયાત બની રહી છે અને સમય બચાવવા માટે લોકો હવાઈ મુસાફરીને પ્રાધાન્ય આપી રહ્યા છે. જેને પગલે દેશના તમામ એરપોર્ટ પર ડોમેસ્ટિક મુસાફરોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. બીજી તરફ સરકારની ઉડાન યોજના અંતર્ગત નાના શહેરોના એરપોર્ટને પણ કનેક્ટ કરવામાં આવી રહ્યા છે. આ યોજનાને લઈને નાના શહેરના મુસાફરો માટે પણ હવાઈ યાત્રા હાથવગી બની છે. કોવિડમાં લાબો સમય સુધી હવાઈ યાત્રા બંધ રહી હતી. ત્યાર બાદ ફરીથી ફલાઈટ શરૂ થઈ અને તેમાં મુસાફરોની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૩માં ૨૧મી એપ્રિલના રોજ દેશમાં ૪,૨૮, ૩૮૯ મુસાફરોએ હવાઈ મુસાફરી કરી હતી અને તે દિવસે ૫૮૯૯ ફલાઈટ ઓપરેટ થઈ હતી. જેની સરખામણીમાં એક વર્ષમાં ડોમેસ્ટિક મુસાફરોની સંખ્યામાં નોંધનીય વધારો થયો છે. અમદાવાદ એરપોર્ટના અધિકારીઓના જણાવ્યા મુજબ, દેશના સૌથી વ્યાસ્ત એરપોર્ટ પૈકીના અમદાવાદ એરપોર્ટ પર રોજે રોજ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ મુસાફરો અને ફલાઈટમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. ૨૧મી એપ્રિલે અમદાવાદ એરપોર્ટ પરથી કુલ ૩૫ હજાર ડોમેસ્ટિક મુસાફરોએ મુસાફરી કરી હતી. જ્યારે આ દિવસે કુલ ૨૭૦ ફલાઈટનું સંચાલન કરવામાં આવ્યું હતું. એરપોર્ટ ઓથોરીટીના જણાવ્યા મુજબ, મુસફરોની સુવિધા માટે પણ ખાસ તરકેદારી રાખવામાં આવી રહી છે. એરપોર્ટ મુસાફરોને બેસવા માટે વેઈટીંગ લોન્જમાં પણ સુધારા-વધારા કરવામાં આવ્યા છે. ટર્મિનલ બિલ્ડિંગનું પણ વિસ્તરણ કરી મુસાફરોની સુખાકારી વધારવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત મુસાફરોની તમામ પ્રાથમિક જરૂરિયાતો સંતોષાય તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. દેશના તમામ એરપોર્ટ પર મુસાફરોની જે સંખ્યા વધી રહી છે, તેમાં અમદાવાદ એરપોર્ટ પર ગત વર્ષ કરતાં ચાલુ વર્ષે ૨૮ ટકા મુસાફરો વધ્યા છે. જેની સામે સુવિધાઓ પણ વધારવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

# ડોક્ટર પતિની પ્રેમિકાને માર મારવાના ગુનામાં પત્નીને રાહત આપવા હાઈકોર્ટનો ઈન્કાર

અમદાવાદ, તા.૨૪

ડોક્ટર પતિ-પત્ની અને 'વો'નો રસપ્રદ કિસ્સો હાઈકોર્ટ સમક્ષ પહોંચ્યો હતો. જેમાં પતિની પ્રેમિકાને માર મારવા અને હત્યાના પ્રયાસના ગુનામાં ધરપકડથી બચવા ડોક્ટર પત્નીએ કરેલી આગોતરા જામીનઅરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે. હાઈકોર્ટે આદેશમાં નોંધ્યું હતું કે,'ફરિયાદી મહિલાને છ ળેક્ચર્સ થયા હોવાનું રેકર્ડ પર આવ્યું છે અને તેના પર બે વધુ સર્જરી પણ કરવી પડી હતી. જે દર્શાવે છે કે ફરિયાદી મહિલાને કેટલી ગંભીર ઈજા થઈ છે. તેથી આ મામલે અરજદાર મહિલા (પત્ની) ઉપરના આક્ષેપોની ગંભીરતા અને ગુનામાં તેની સંડોવણી જોતાં જો તે દોષિત ઠરે તો મહત્તમ સજાની જોગવાઈ છે. પ્રસ્તુત કેસમાં અરજદાર મહિલાનું કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન જરૂરી જણાય છે અને તેથી તેને આગોતરા જામીન આપી શકાય નહીં.' ઉક્ત આદેશ અને અવલોકન સાથે હાઈકોર્ટે પત્નીની અરજી ફગાવી કાઢી હતી. પ્રસ્તુત મામલે નોંધાયેલી એફઆઈઆર મુજબ ફરિયાદીનો કેસ એવો છે કે વર્ષ ૨૦૧૩થી ૨૦૨૦ની વચ્ચે પીડિતા ફરિયાદી એસ.જી. હાઈવે ઉપર આવેલી શેલ્બી હોસ્પિટલમાં કામ કરતી હતી.

આ સમયગાળામાં જ તે એક વ્યક્તિના સંપર્કમાં આવી હતી. જે હોસ્પિટલમાં એનેસ્થેટિક તરીકે કામ કરતા હતા. આ એનેસ્થેટિક ડોક્ટર હાલના કેસના અરજદાર મહિલાના પતિ છે અને તે બંને વચ્ચે કોર્ટ કેસો પેન્ડિંગ છે. દરમિયાનમાં જાન્યુઆરી-૨૦૨૪માં ડોક્ટર અને ફરિયાદી મહિલા (પ્રેમિકા) બંને સાયન્સ સિટી ખાતે આવેલી ખાનગી હોટલમાં મળવા પહોંચ્યા હતા. આશરે સાડા ચાર વાગ્યાના સુમારે ફરિયાદીને એક ફોન આવ્યો હતો કે રિસેપ્શન પર કેટલીક વ્યક્તિઓ આવી છે અને એ ડોક્ટરનું નામ લઈને એની પૂછપરછ કરી રહ્યા છે. તેથી તે બંને હોટેલના ધાબે પહોંચી ગયા હતા. જોકે ડોક્ટરના પત્ની અને અન્ય આરોપી ત્યાં આવી ગયા હતા અને તેમની વચ્ચે ઝપાઝપી શરૂ થઈ હતી. ફરિયાદીને માથા સહિતના શરીરના ભાગે લાકડીઓથી માર મારવામાં આવતાં તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. ત્યારબાદ ફરિયાદી પીડિતા ધાબેથી નીચે પટકાઈ જતાં બેભાન થઈ ગઈ હતી. તેને તાત્કાલિક સારવાર માટે સોલા સિવિલ લઈ જવાઈ હતી. જ્યાં તેને પ્રાથમિક સારવાર આપ્યા બાદ સિવિલ હોસ્પિટલ અસારવા ખાતે વધુ સારવાર માટે લઈ ગયા હતા. પીડિતાને ળેક્ચર્સ થયા હતા અને બોપલ ખાતેની હોસ્પિટલમાં આ ગુનાની એફઆઈઆર તેણે લખાવી હતી. હાઈકોર્ટે આદેશમાં નોંધ્યું હતું કે,'ફરિયાદીને ગંભીર ઈજા આવી હતી અને બે દિવસ સુધી બેભાન રહી હતી. ભાનમાં આવ્યા બાદ તેણે ફરિયાદ લખાવી હતી.

# ટંકારીયામાં શિવમ ગ્રુપ આયોજિત નાઈટ વોલીબોલ ટુર્નામેન્ટમાં પોરબંદરની ટીમ વિજેતા





(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૪

કલ્યાણપુર તાલુકાના ટંકારીયા ગામે કનુભાઈ ગોજીયા, પરબતભાઈ ગોજીયા અને તેમના શિવમ ગ્રુપ દ્વારા એક દિવસીય નાઈટ વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન દેવભૂમિ દ્વારકા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મેરામણભાઈ ગોરીયા દ્વારા કરાયું હતું. જેમાં જામનગર, પોરબંદર અને દ્વારકા જિલ્લાની કુલ ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટની ફાઈનલ વિજેતા પોરબંદરની ટીમ અને રનર્સ અપ મીઠાપુરની ટીમ બની હતી. આ ટુર્નામેન્ટને નિહાળવા મોટી સંખ્યામાં ગ્રામજનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ આયોજન દરમિયાન સીઆરસી જુવાનપુરના મારખીભાઈ ગોરીયા, રણજીતપુરના હાજાભાઈ વાળા, શિક્ષક દેવાતભાઈ ચેતરીયા, ડી.કે. કરમુર વિગેરેએ હાજર રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના અંતમાં વિજેતા તેમજ ખેલાડીઓને ટ્રોફીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### ધોરણ ૮ની વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ કેસમાં

# નરાધમ આધેડને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારાઈ

સુરત, તા.૨૪

સુરત જિલ્લામાં આવેલા ઓલપાડ તાલુકાના કીમ ગામે ધોરણ ૮માં અભ્યાસ કરતી ૧૪ વર્ષીય સગીરા સાથે વારંવાર દુષ્કર્મ આચરી સગર્ભા બનાવનાર ભંગારની દુકાન ધરાવતા નરાધમ આધેડને કોર્ટે કસૂરવાર ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને ૫૦ હજારનો દંડ ફટકાર્યો હતો. આ કેસની વિગત એવી છે કે, ઓલપાડ તાલુકાના કીમ ગામે એક શ્રમજીવી પરિવારની ધોરણ ૮માં અભ્યાસ કરતી ૧૪ સગીરા વર્ષ ૨૦૨૩ માં ભંગારના ગોડાઉન પર પોતાના જૂના પુસ્તકો વેચવા માટે ગઈ હતી. દરમિયાન ભંગારના ગોડાઉન પર હાજર હવસના ભૂખ્યા ૫૨ વર્ષીય નાથુજી નંદજી કુમાવત (મૂળ રહે ચાવડીયા ગામ, તા. કરેડા, જિ. ભીલવાડા, થાણા કરેડા, રાજસ્થાન) સગીરાને ૧૦ રૂપિયા આપ્યા હતા અને બીજા ૧૦ રૂપિયા આપવાનું કહી ગોડાઉનની અંદર લઈ ગયો હતો. ગોડાઉનની અંદર ગયેલી સગીરાનો હવસખોર આધેડે હાથ ખેંચ્યો હતો અને બળજબરી પૂર્વક શારીરિક સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ સગીરાએ બૂમાબૂમ કરતા કરતા હવસખોર આધેડે સગીરાનું મોઢુ દબાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી અને ઘરે કોઈને પણ ન જણાવવા કહ્યું હતું. આ ઘટના પછી અવાર નવાર સગીરાને ધમકી આપી શારીરિક સંબંધ બાંધતો રહ્યો હતો. થોડા મહિના વીત્યા બાદ સગીરાને પેટમાં દુખાવો ઉપડતા શ્રમજીવી પરિવાર સગીરાને હોસ્પિટલમાં લઈ ગયો હતો, જ્યાં હાજર તબીબે સગીરાને સાત મહિનાનો ગર્ભ હોવાનું ડોકટરે જણાતા સગીરાના પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી અને તેમણે કીમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે કીમ પોલીસે તપાસ કરતા સગીરાને જાનથી મારી નાખવાની ધમકી આપી વારંવાર શારીરિક સંબંધ બાંધનાર આરોપીનું નામ નાથુજી નંદાજી કુમાવત હોવાનું જાણવા મળતાં જ પોલીસે તેની વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. પોલીસે ગણતરીની કલાકોમાં જ આ હવસખોરને દબોચી લીધો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપી નાથુજી કુમાવત કસૂરવાર ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને ૫૦ હજારનો દંડ ફટકાર્યો હતો.


# લવાજમ યોજના ૨૦૨૪-૨૫

સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર...

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

No. 1

કોઈ ભેટ નહી,
કોઈ ડ્રો નહી,
કોઈ સ્કીમ નહી...
ડાયરેકટ રોકડો ફાયદો

લવાજમ યોજના

ફકત એક સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક જ સસ્તુ - સારૂ અને સર્વમાન્ય અખબાર છે તો આજે જ લવાજમ ભરો અને આખુ વર્ષ નિશ્ચિંત થઈ જાવ

રૂા. ૪૦૦/-

વાર્ષિક લવાજમ ભરો અને આખું વર્ષ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક મેળવો

આખા વર્ષની કિંમત
રૂા. ૪૬૨
- રૂા. ૬૨
રૂા. ૪૦૦ લવાજમ

લવાજમની મુદત :
તા. ૧-૪-૨૦૨૪ થી ૩૧-૩-૨૦૨૫ સુધી

જૂનાગઢ શહેરમાં વાર્ષિક લવાજમ ભરવા માટે સંપર્ક કરો

વાર્ષિક લવાજમ ભરવાની છેલ્લી તા.૩૧-૫-૨૦૨૪ સુધી જ

: ખાસ નોંધ :
એજન્ટોએ બે મહિનાની અંદર જ લવાજમનું પેમેન્ટ કરવાનું રહેશે. ત્યારબાદ માસિક બીલ પ્રમાણે હિસાબ થશે

જૂનાગઢ શહેરમાં વાર્ષિક લવાજમ ભરવા માટે સંપર્ક કરો

જૂનાગઢ શહેર એજન્ટ
અલ્તાફ કલ્યાણી
મો. ૯૩૨૭૩ ૫૦૪૮૬

સોલસેલીંગ એજન્ટ
આરના શકિત ન્યુઝ એજન્સી મો. ૯૮૯૮૦ ૬૩૦૬૪
જૂનાગઢ શહેર જીલ્લા તેમજ અમરેલી, દેવભૂમિ દ્વારકા, જામનગર, રાજકોટ, ગીર સોમનાથ, ભાવનગર, પોરબંદર, બોટાદ, સુરેન્દ્રનગર, મોરબી, ભૂજ-કચ્છ જીલ્લાનાં સોલસેલીંગ એજન્ટ

: ખાસ નોંધ :
બે મહિનાની અંદર લવાજમનું પેમેન્ટ નહી કરનાર અજન્ટની એજન્સી રદ કરી નાખવામાં આવશે

જલારામ બુક સ્ટોર
પંચહાટડી ચોક, જૂનાગઢ.
મો. ૯૯૦૯૪ ૬૨૦૪૧

નિલેશ રાજપરા
માંગરોળ
મો. ૯૮૨૪૪ ૦૫૭૫૬

નિલેશ નથવાણી
મહાલક્ષ્મી સ્ટ્રીટ, જૂનાગઢ
ફોન : ૯૩૭૬૬ ૦૫૫૬૨

સુલતાન ચૌહાણ
બિલખા
મો. ૮૦૦૦૨ ૬૪૦૫૦

નીરવ ગઢીયા
ઉના- દિવ
મો. ૯૭૩૭૪ ૫૬૦૦૦

હિતેષ જોષી
કેશોદ
મો. ૯૯૦૪૮ ૧૬૭૫૧

રાકેશ પરડવા
વેરાવળ
મો. ૯૨૨૭૬ ૨૨૨૧૦

રમેશ કારીયા
માળીયા હાટીના અને અમરાપુર
મો. ૯૭૨૪૭ ૭૪૭૫૨
મો. ૯૫૮૬૧ ૯૨૯૭૯

એન.એચ. મકવાણા
માણાવદર
મો. ૬૩૫૩૭ ૫૧૧૬૬

લવાજમ ભરા આપના ગ્રામ્ય, તાલુકા અને શહેરમાં આપના એજન્ટોનો સંપર્ક કરવો

નોંધ : આપના વિતરક / એજન્ટભાઈને જ લવાજમની રકમ આપવી અને તેની પાસેથી જ રસદ મેળવી લેવી. પેપર મોકલવાની જવાબદારી ફકત એજન્ટ રહેશે. (જેમાં પ્રેસ જવાબદાર નથી)

રાકેશ સામાણી
દેવભૂમિ દ્વારકા
મો. ૮૨૦૦૫ ૯૬૬૦૫

પ્રતાપ કોટીયા
પ્રભાસ પાટણ /
વેરાવળ

નવી એજન્સી આપવાની છે : અમરેલી, વંથલી, મેંદરડા, સુત્રાપાડા, પ્રાંચી, બાંટવા, ધોરાજી, કુતિયાણા, રાણાવાવ, પોરબંદર પેટા એજન્સી આવાની છે. (ઉત્સાહી એજન્ટોએ રૂબરૂ પ્રેસ કાર્યાલયે તત્કાલ સંપર્ક કરવો.)

દિપક જાદવ
પ્રાંચી
મો. ૯૫૮૬૮ ૨૦૫૧૬

કુંજન રાડીયા
જામ-ખંભાળીયા
મો. ૯૯૧૩૭ ૦૧૭૧૧

# જૂનાગઢ શહેરમાં હનુમાન જયંતિની ભાવભેર થયેલી ઉજવણી



જૂનાગઢ, તા.૨૪


મર્યાદા પુરૂષોતમ ભગવાન શ્રીરામ ચંન્દ્રજીના પરમ ભકત અને સંકટ મોચન હનુમાનજી મહારાજના પ્રાગટય દિન એટલે કે હનુમાન જયંતિના પાવન અવસરે ગઈકાલે જૂનાગઢ શહેરમાં હનુમાનજીના મંદિરોમાં સવારથી જ પૂજન -અર્ચન, આરતી સહિતના અનેક વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. રેલ્વે સ્ટેશન નજીક આવેલા રોકડીયા હનુમાનજી મંદિર, પંચહાટડી ચોકમાં આવેલા પંચમુખી હનુમાનજી મહારાજ, વણઝારી ચોકમાં આવેલા હનુમાનજી મહારાજ, ભુતનાથ મંદિર ખાતે આવેલા હનુમાનજી મહારાજ તેમજ વિવિધ વિસ્તારોમાં આવેલા મારૂતિ નંદનના મંદિરે ગઈકાલે સવારથી જ અનેક વિવિધ કાર્યક્રમો યોજાયા હતા અને દાદાને પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો તેમજ તેલ,સીંદુર અને આકડાની માળા ચડાવી હનુમાનજી મહારાજની વિશેષ પૂજા કરવામાં આવી હતી અને ભકતજનો હનુમાનજી મહારાજની ભકિતમાં લીન બન્યા હતા.

(તસ્વીર : જયેશ મહેતા)

# સાળંગપુર ખાતે ધામધૂમપૂર્વક 'શ્રી હનુમાન જયંતિ' મહામહોત્સવની ઉજવણી કરાઈ

સાળંગપુર, તા.૨૪

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી તથા શ્રી વડતાલધામ ટેમ્પલ બોર્ડ એવં સંપ્રદાયના મૂર્ધન્ય સંતો દ્વારા તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી ગુરૂ પુરાણી શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)ના માર્ગદર્શનથી ''શ્રી હનુમાન જયંતી'' મહોત્સવ એવં ભજન સંધ્યા, દાદાને અન્નકૂટ, પુષ્પવર્ષા વિગેરે અનેકવિધ કાર્યક્રમ ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. હનુમાન જયંતી નિમિત્તે ૨૧ થી ૨૩ એપ્રિલ ૨૦૨૪ દરમિયાન ભવ્ય હનુમાન જન્મોત્સવનું આયોજન કરાયું હતું. પહેલીવાર સાળંગપુર હનુમાનજી મંદિર પરિસરમાં ૫૪ ફૂટ ઊંચી કિંગ ઓફ સાળંગપુરની મૂર્તિ પર ૫ હજાર કિલો પુષ્પની વર્ષા કરવામાં આવી હતી તેમજ ત્રણ દિવસ દરમિયાન મારુતિ યજ્ઞ, બર્થ ડે સેલિબ્રેશન, મહા અન્નક્ષેત્ર , ૫,૦૦૦ કિલો પુષ્પનો અભિષેક, રાજોપચાર પૂજા-મહાઆરતી સહિતના કાર્યક્રમ સાથે ઉજવણી થઈ હતી. ત્રણ દિવસના હનુમાન જન્મોત્સવ અંતર્ગત લાખો ભકતો માટે દર્શન, પાર્કિંગ વ્યવસ્થા ? પીવાના પાણીની અને સરબતતેમજ ૨૦૦૦થી વધારે સ્વયંસેવકો દ્વારા ખડે પગે મહામહોત્સવ પ્લાનિંગ કરવામાં આવ્યું હતુ સમગ્ર મહોત્સવનું શ્રીહરિપ્રકાશદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યું હતું. તો રાતે ૯ વાગ્યાથી રાત્રી કાર્યક્રમ થયા હતા,કિંગ ઓફ સાળંગપુરની મૂર્તિ સમક્ષ અનેક પ્રકારની અગ્નિઓથી પૂજન એવમ્ મહાઆરતી કરવામાં આવશે. મહા આરતીમાં સંપ્રદાયના મૂર્ધન્ય સંતો, ભક્તો, યજમાનશ્રીઓ અને સ્વયંસેવકો ભાવપૂર્વક જોડાયા હતા પછી અમેરિકન ગોટ ટેલેન્ટ વિજેતા ડાન્સ ગ્રુપ દ્વારા ભવ્ય ડાન્સ રજુ કરી કીર્તિભાઈ સાગઠિયા દ્વારા ભક્તિ ગીતોની રમઝટ બોલાવવામાં આવી હતી. આ કાર્યક્રમ સંતો, યજમાનો, ભક્તો બગીચામાં બેસી ને સંગીત કાર્યક્રમ માણ્યો હતો. ૨૩ એપ્રિલ ૨૦૨૪ ને મંગળવારના રોજ હનુમાન જયંતીના દિને મંગળા આરતી સવારે ૫ વાગ્યે, સવારે ૭ વાગ્યે -શણગાર આરતી અને બર્થ-ડે સેલિબ્રેશન કરાશે. આ દરમિયાન સમૂહ મારુતિ યજ્ઞ યોજાશે જેમાં ૧૦૦૦થી વધુ લોકો ભાગ લીધો હતો. હનુમાન જયંતીના દિવસે સુવર્ણના વાઘા તેમજ ગુલાબના ફૂલોનો દિવ્ય શણગાર ની સાથોસાથ ૫ હજાર કિલો



હજારીગલના ફૂલથી સમગ્ર મંદિર શણગારવામાં આવ્યા હતા આ ફૂલના શણગારમાં ૧૫ સંતો-પાર્ષદો અને ૧૦૦ જેટલા હરિભક્તો આ સેવામાં જોડાશે. તો ૨૫૦ કિલોની કેક બનાવવામાં આવી હતી. આ ઉપરાંત હનુમાન જયંતીના દિવસે લાખો ભક્તો દાદાનો મહાપ્રસાદ વ્યવસ્થા કરા હતી. દાદાના ભક્તોને દાળ, ભાત, શાક, રોટલી, ગાઠિયા, બુંદી, મોહનથાળ, છાસ અને મીઠાઈ ની ભોજન મહા અન્નક્ષેત્રમાં પીરસવામાં આવ્યા હતા સાથોસાથ પાણી-સરબતની વ્યવસ્થા કરાઈ હતી, ટોટલ ૧.૫ થી ૨ લાખ માણસો જમી શકે તેટલો પ્રસાદ મહા અન્નક્ષેત્રમાં બનાવવામાં આવ્યુ હતું. તો હનુમાન જયંતીના દિવસે સાંજે ૭ વાગ્યે મહાસંધ્યા આરતીનું આયોજન કરાયું હતું. જેમાં દાદાની સંતો અને ભક્તો દ્વારા સમૂહ મહાઆરતી કરવામાં આવી હતી.

## સાળંગપુર ધામ ખાતે

## શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજને ધરાવાયેલા મહાઅન્નકૂટની આરતીમાં સહભાગી થઈ સૌના મંગલની કામના કરતા મુખ્યમંત્રી

સાળંગપુર, તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુપ્રસિદ્ધ તીર્થક્ષેત્ર શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર સાળંગપુર ધામ ખાતે આયોજિત હનુમાન જયંતી ઉત્સવમાં ભક્તિ ભાવપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.



પ્રતિ વર્ષ હનુમાન જયંતીના પાવન અવસરે સાળંગપુર ધામમાં થતા અનેકવિધ ધાર્મિક આયોજન અન્વયે આ વર્ષે સમૂહ મારૂતિ યજ્ઞ સાથે હનુમાનજી મહારાજને ધરાવાયેલા મહાઅન્નકૂટની આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ મહાઅન્નકૂટની આરતીમાં સહભાગી થયા હતા. તેમણે શ્રદ્ધાપૂર્વક હનુમાનજી મહારાજની આરતી કરી હતી અને સૌ લોકોના સુખ, શાંતિ, સમૃદ્ધિની મંગલ પ્રાર્થના પણ આ હનુમાન જયંતિ અવસરે કરી હતી. કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરના સંતો, અગ્રણીઓ અને શ્રદ્ધાળુઓ હનુમાન જયંતીના આ ઉત્સવમાં ઉમંગભેર જોડાયા હતા.

# ઉના : એસજીવીપી ગુરૂકુલ દ્રોણેશ્વર ખાતે શ્રી હનુમાનજીના પ્રાગટ્યોત્સવની ઉજવણી

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૪

રામ સેવક એવા શ્રી હનુમાનજી મહારાજનો પ્રાગટ્ય દિવસ એટલે ચૈત્રી પૂર્ણિમા. શ્રી હનુમાનજી મહારાજનો જન્મ થયો એ દિવસે મંગળવાર હતો. આ પવિત્ર દિવસે પણ મંગળવારે જ દાદાનો પ્રાગટ્ય દિવસ ઉજવવામાં આવ્યો હતો.



એસજીવીપી ગુરૂકુલ દ્રોણેશ્વર ખાતે મારૂતિધામમાં બિરાજમાન શ્રી કષ્ટભંજન હનુમાનજી મહારાજના સાનિધ્યમાં ગઈકાલે એસજીવીપી ગુરૂકુલના અધ્યક્ષ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી સંસ્થાના વડા પુજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના સાનિધ્યમાં હનુમાનજી મહારાજને ૪૦૦ કીલો ફળ-ફ્રુટ ધરવામાં આવ્યો હતો. પૂજ્ય બાલકૃષ્ણસ્વામીના હસ્તે દાદાની આરતી કરી દર્શન ખુલ્લા મુકાયા હતા. ત્યારબાદ મંદિરના પટાંગણમાં મારૂતિ યાગ કરાયો હતો. આ મહોત્સવ અંતર્ગત સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩૦૦૦ જેટલા ભક્તો એ મહોત્સવમાં હાજરી આપી હતી. આવનારા દરેક ભાવિકોને ભોજનરૂપી પ્રસાદ આપવામાં આવ્યો હતો.

# કેશોદમાં હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી, અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાયા

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ, તા.૨૪

કેશોદ શહેરમાં મીઠા ભગત રામ મંદિર, પીપળીના જૂના રસ્તે મઠિયા હનુમાનજી મહારાજ, આલાપ કોલેનીમાં બાલાજી હનુમાનજી મંદિર સહિત જુદા જુદા હનુમાનજી મંદિરોમાં હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં હનુમાનજી મહારાજના ભકતોની ભીડ જોવા મળી હતી. ચાર ચોક ખાતે આવેલ મીઠા ભગત સ્થાપિત રામ મંદિરમાં સ્વયંભુ હનુમાનજી મહારાજ પ્રગટ થયા હતાં આ મંદિરમાં દર વર્ષે સુંદરકાંડ હોમાત્મક યજ્ઞવિધી તેમ જુદા જુદા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતી. જયારે સાંજે ભોજન પ્રસાદ લેવા



ભકતોની ભીડ ઉમટી હતી.એવી જ રીતે જુના પીપળીના રસ્તે આવેલ ખાખી બાવા મઠિયાબાપુ રામદાસ હસ્તે સ્થાપિત મઠિયા હનુમાનજી મહારાજના મંદિરે હોમાત્મક ધાર્મિક વિધી સાથે ધાર્મિક કાર્યક્રમની ઉજવણી કરી જન્મ જયંતિ મનાવવામાં આવી હતી. અને સાંજના ભાવિકોએ પ્રસાદનો લાભ લીધો હતો. આ મઠિયા હનુમાનજી મહારાજનાં મંદિરનો જીણોદ્ધાર થવાનો હોય સેવકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.જયારે આલાપ કોલોનીમાં ૨૨ વર્ષ પહેલાં નાના બાળકોએ હનુમાન મહારાજના મંદિરની સ્થાપના કરી હતી જેનું નામ બાલાજી હનુમાન રાખવામાં આવ્યું હતું. હવે જયારે બાજુમાં એકાદ વર્ષમાં ભવ્ય મંદિર બનવા જઈ રહ્યું છે ત્યારે સ્થાનિક રહીશોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આથી હનુમાનજી મહારાજની સમક્ષ સુદરકાંડ હોમાત્મક યજ્ઞ વિધી કરવામાં આવી હતી. જેમાં સ્થાનિકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આમ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ઠેર ઠેર હનુમાન જયંતિ નીમિત્તે અભિષેક, પ્રાણ પ્રતિષ્ઠા, જીણોદ્ધાર, મહાઆરતી, અન્નકુટ સહિતના કાર્યક્રમો યોજાતાં ભાવિકોએ દર્શનનો લ્હાવો લીધો હતો. કેશોદ શહેર તાલુકામાં આવેલ જુદા જુદા વિસ્તારમાં હનુમાનજી જન્મોત્સવ નિમિત્તે સાંજના સમયે સમુહ પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું અને રાત્રે વિવિધ ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમો યોજયા હતા.

# ઉના પંથકમાં હનુમાન જયંતિની ભકિતભાવપૂર્વક થયેલ ઉજવણી : વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૪



ચિરિંજીવી અને રામભકત અંજની પુત્ર મહાવીર હનુમાનજી મહારાજનો જન્મ મહોત્સવ ઊનાના સુર્ય મુખી હનુમાન મંદિર, તપોવન આશ્રમ ચાચકવડના હનુમાન મંદિર, વાજડી હનુમાન મંદિર, દેલવાડામાં આવેલ બાલા હનુમાન મંદિર રોકડીયા હનુમાન મંદિર, ઊનાના તળાવ કાઠે આવેલ મોટા હનુમાન મંદિર વગેરે મંદિરોમાં ફૂલ પૂજા, અભિષેક પૂજન ૧૧કુંડી મારૂતિ યજ્ઞ, સત્ય નારાયણની કથા, બટુક ભોજન, મહા પ્રસાદ અને હનુમાન ચાલીસાના પાઠ, સુંદર કાંડના પાઠ. દેલવાડામાં બાલા હનુમાન મંદિરથી સવારે શોભા યાત્રા ગામમાં ફરી મંદિરે પૂર્ણ થઈ હતી. જેમાં હજારો ભકતોએ હાજરી આપી ભક્તિ ભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

# દ્વારકામાં શ્રી ભડકેશ્વર યોગ ગૃપ દ્વારા મતદાન માટે જાગૃતિ સંદેશ અપાયો

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૪

શ્રી હનુમાનજીના જન્મોત્સવ પર્વે દ્વારકાના ચેતનભાઈ જીંદાણી સંચાલીત શ્રી ભડકેશ્વર યોગ ગૃપ દ્વારા ૫૧ સૂર્ય નમસ્કાર કરી ફિટનેસ તેમજ હાલમાં દેશમાં લોકસભા ચૂંટણીનો માહોલ છે ત્યારે ચૂંટણીમા વધુમાં વધુ લોકો મતદાન કરે એ માટે શપથ લઈ



લોકોમાં મતદાન કરવા જાગૃતિ માટે અને લોકતંત્રને મજબૂત કરવા એક સુંદર સંદેશો આપ્યો હતો. આ તકે ચેતનભાઈ સાથે એમના ગૃપમાં જયેશભાઈ કક્કડ, વૈભવ જટણીયા, આનંદ ભટ્ટ, હિનાક્ષીબેન સાધુ તેમજ બ્રિજેશ પરમાર જોડાયા હતા.

# ખંભાળિયામાં જીલ્લા અદાલત દ્વારા 'વર્લ્ડ અર્થ ડે' નિમિત્તે જીલ્લાની તમામ અદાલત પરિસરમાં વૃક્ષારોપણ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૪

સમગ્ર વિશ્વમાં ૨૨ એપ્રિલના રોજ પૃથ્વીને ગ્લોબલ વોર્મિંગના પ્રભાવથી બચાવવા, સસ્ટેનેબલ જીવનશૈલી અપનાવવાના હેતુસર "વર્લ્ડ અર્થ ડે" ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે "વર્લ્ડ અર્થ ડે" ની થીમ **"Planet Vs Plastic"** રાખવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા ડી. એલ.એસ.એ. **(DLSA)**ના ચેરમેન એસ.વી. વ્યાસના માર્ગદર્શન હેઠળ ખંભાળિયામાં જિલ્લા અદાલતના પ્રાંગણમાં વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા હેડકવાર્ટર ખાતે ફરજ બજાવતા ન્યાયાધીશશ્રીઓ, કર્મચારીઓ, જિલ્લા સરકારી વકીલો એ.પી.પી., **DLSA**ના ડિફેન્સ કાઉન્સિલર, મીડિયેટરો, પેનલ એડવોકેટો હાજર રહ્યા હતા. આ ઉપરાંત વકીલ મંડળના હોદ્દેદારો તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહી વૃક્ષારોપણના કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

હાજર રહેલા તમામ મહાનુભાવોએ પૃથ્વીને ગ્લોબલ વોર્મિંગના સંકટમાંથી બચાવવા માટે સસ્ટેનેબલ જીવનશૈલી અપનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. આવી જ રીતે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ, કલ્યાણપુર, દ્વારકા અને ઓખા તાલુકા મથકે આવેલ અદાલતમાં પણ ્જીઝ ના ચેરમેનશ્રીના માર્ગદર્શન હેઠળ અદાલત પરિસરમાં વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરી "વર્લ્ડ અર્થ ડે" ની સવિશેષ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલુકાના તમામ ન્યાયાધીશ, કર્મચારીઓ, પેનલ અને રીટેનર વકીલો તથા વકીલ બારના સભ્યોએ સામેલ થઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.સમગ્ર જિલ્લામાં આ વૃક્ષારોપણના કાર્યક્રમનું સુંદર આયોજન થઈ શકે તે માટે નાયબ વન સંરક્ષણ દ્વારા કચેરી (સામાજિક વનીકરણ વિભાગ) ના ડી.સી.એફ. અરૂણ કુમાર દ્વારા નોડલ ઓફિસરને જરૂરી સૂચના આપી, સમગ્ર જિલ્લામાં સુચારૂ રૂપે આયોજન થઈ શકે તે માટે તાલુકા ખાતેના આર.એફ.ઓ.નો ડી.એલ.એસ.એ./ ટી.એલ.એસ.સી. માં સંકલનમાં રહીને કામગીરી કરવા જરૂરી સુચના આપવામાં આવી હતી. સમગ્ર જિલ્લા નાયબ વન સંરક્ષણ કચેરી



(સામાજિક વનીકરણ વિભાગ) દ્વારા વિવિધ પ્રકારના વૃક્ષો, ઔષધી, ફળ- ફૂલ તથા બહુહેતુક પ્રકારના છોડ, રોપાઓ પૂરા પાડવામાં આવ્યા હતા. ખંભાળિયાની જિલ્લા અદાલત તથા તાલુકા ખાતે ફરજ બજાવતા સફાઈ કામદારો દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા વિશેષ જહેમત ઉપાડી હતી અને આ વૃક્ષોના જતનની જવાબદારી આ તકે તેઓના શીરે લીધી હતી. આમ, આ કાર્યક્રમમાં લગત કર્મચારીઓ તથા મલ્ટીપલ સ્ટેકહોલ્ડર્સના સંયુકત પ્રયાસથી સફળ રહ્યો હતો. જે **DLSA**ના સચિવની અખબાર યાદીમાં જણાવવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ચૂંટણી પ્રચારમાં ફેક ન્યુઝ હેકર્સ ચૂંટણીપંચ માટે પડકાર

ચૂંટણી દરમ્યાન મતદારોને લોભાવવા અને ભ્રમિત કરવાના નિરંતર નવા નવા પેંતરા સામે આવતા જ રહે છે. પેઈડ ન્યૂઝ અને સ્ટિંગ ઓપરેશન બાદ હવે હેકર્સનો હંગામો ચાલી રહ્યો છે. ખોટી માહિતી ઈન્ટરનેટથી લોકો સુધી નિરંતર પહોંચી રહી છે, જ્યારે અમેરિકી ટેક કંપની માઈક્રોસોફ્ટે દાવા સાથે ચેતવણી આપી છે કે ચીન અને ઉત્તર કોરિયામાં બેઠેલા તેમના સમર્થક હેકર્સ લોકસભા ચૂંટણીને નિશાનો બનાવી શકે છે. ઉમેદવારો વિરુદ્ધ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી બનાવેલા મીમ્સ, ફેક ન્યૂઝ, વીડિયો, વોઈસ ક્લોન, ડીપફેક વગેરે ફેલાવીને મતદારોને ભ્રમિત કરી શકે છે.

લોકસભામાં ઉતરેલી રાજકીય પાર્ટીઓએ ભલે પોતપોતાના ઢંઢેરામાં ટેકનિકને પ્રમુખતા ન આપી હોય, પરંતુ પ્રચાર અભિયાનમાં તેઓ તેમની અત્યાધુનિક સુવિધાઓ વાળી એઆઈ લહેર પર સવાર છે. વોટરને મનાવવા માટે ઈન્ટરનેટ મીડિયા અને એઆઈના અનોખા ટૂલ્સની મદદ લઈ રહ્યા છે. ગત દિવસોમાં ઝંડા, બેનર, પોસ્ટર અને કટઆઉટ વચ્ચે તમિલનાડુની જનસભામાં હજારોની ભીડને જ્યારે એક પરિચિત અવાજ સંભળાવા લાગી, તો તેઓ હતપ્રભ થઈ ગયા. તેઓ સમજી ન શક્યા કે જે નેતાને ગુજરી ગયે વર્ષો થઈ ગયાં, તે ભાષણ કેવી રીતે આપી રહ્યા છે?

આ બાબતે સંમેલનથી ખૂબ દૂર બેઠેલા લોકોના મોબાઈલ ફોન પર તેમના પ્રિય નેતાની લાઈવ રીલ્સ તો એનાથીય ચકિત કરનારી હતી. જાતજાતની મિજાજવાળી તીખી ટિપ્પણીઓનો વરસાદ થઈ રહ્યો હતો. ઝડપથી વાયરલ થયેલા આ વીડિયોમાં દિવંગત રાજનેતા કરુણાનિધિ એક સંમેલનમાં સામેલ દેખાઈ રહ્યા હતા. આવું એઆઈથી બનાવેલા વીડિયોને કારણે થયું, જેમાં સ્વર્ગીય કરુણાનિધિને જીવિત કરી દેવામાં આવ્યા હતા. આ ડિજિટલ અવતારના વીડિયોમાં કરુણાનિધિ પોતાના ચિરપરિચિત કાળાં ચશ્માંમાં હતા. આ વીડિયોને ચેન્નઈ સ્થિત કંપની ‘મુઓનિયમ’એ બનાવ્યો હતો. કંપની તેને લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માટે પોતાના દોરના નેતાઓનું ‘રિસાયકલ’ ગણાવે છે. કંપનીનું કહેવું છે કે આ પારંપરિક રેલીઓના મુકાબલે ચૂંટણી પ્રચાર અભિયાનની સસ્તી રીત છે. તેનાથી રેલીઓ આયોજિત કરવામાં લેસર કે ડ્રોન શોની તુલનામાં સમય અને પૈસાની બચત થાય છે.

રાજકીય પક્ષોએ ડિજિટલ યુગના સંસાધનોનમાં ઈન્ટરનેટ, અત્યાધુનિક કમ્પ્યૂટિંગ, ક્લાઉડ સર્વર, એઆઈ અને ઈન્ટરનેટ મીડિયાની સુવિધાઓ સહિત સાઈબર ક્રાઈમમાં લિપ્ત હેકર્સના પેંતરા સુદ્ધાંને પોતાના ભાથામાં સામેલ કર્યા છે. બધા તેના દ્વારા પોતાનો મતલબ સાધવા માગે છે. ચિંતા એ છે કે બધાની દાનત એકબીજા પર આરોપ-પ્રત્યારોપ લગાવવા, કીચડ ઉછાળવા, બદનામ કરવા, જૂઠ્ઠાણું ફેલાવવા, જાતિ-ધર્મની વાતોમાં સામાજિક ભેદભાવને વધારવા અને પ્રતિદ્વંદ્વીને નીચા દેખાડવાનો જ રહે છે.

ચૂંટણીમાં ટેકનિકનો ઉપયોગ મેસેજિંગથી શરૂ થયો. સ્માર્ટફોનના ઉપયોગમાં વૃદ્ધિ થવા અને ઈન્ટરનેટ આંકડો ઉપલબ્ધતાની વ્યાપકતા આવી જવાથી તેમાં અને ઝડપ આવી ગઈ. પહેલી વાર તેને ૨૦૧૨માં ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં મોટા પાયે ઉપયોગ કરવામાં આવી, જ્યારે એક સાથે વધુને વધુ જનસભાઓ સંબોધન કરવાની જરૂર ઊભી થઈ. તેના માટે હોલોગ્રાફિક ટેકનિકનો ઉપયોગ કરવામાં આવ્યો, સિનેમેટોગ્રાફરની મદદથી ભાષણોના વીડિયો શૂટ કરવામાં આવ્યા. આ અભિયાનનું પરિણામ લોકસભા ૨૦૧૪ ચૂંટણીમાં જોવા મળ્યું. ધૂંઆધાર જનસભાઓ જોઈને લોકો દંગ રહી ગયા અને નરેન્દ્ર મોદીની ભાષણ આપવાની ક્ષમતા એક વિશિષ્ટતા બની ગઈ. જોકે તેને તમામ રાજકીય પક્ષોએ અપનાવી, પરંતુ તેની પાછળ કરવામાં આવેલી તૈયારી અનુસાર જ લોકોએ પોતાનું મતદાન કર્યું. ૨૦૧૯ આવતાં આવતાં આખી દુનિયા બદલાઈ ગઈ અને ઈન્ટરનેટ મીડિયા કેટલાય રૂપે બનેલ મેસેજિંગ પ્લેટફોર્મ ચૂંટણી અભિયાનનાં કેન્દ્ર બની ગયાં, કારણ કે તેને પ્રસ્તુત કરનારા ગુમનામ રહીને મોટી સંખ્યાના લોકો સુધી આસાનીથી પહોંચી શકતા હતા. તેને ભારતીય રાજકારણમાં ટેકનિકની જબરદસ્ત ઘૂસણખોરીના દૃષ્ટિકોણથી જોવામાં આવી. આ તરફ સ્માર્ટફોનનો ઉપયોગ કરનારાઓની સંખ્યા વધીને ૭૧ ટકાથી પણ વધુ થઈ ગઈ, નવા સંચાર અને આઈટી ટેકનિકે લોકો વચ્ચે શિક્ષિત-અશિક્ષિતનો ફરક મિટાવી દીધો. એઆઈના ચેટજીપીટી અને જેમિનીએ ભાષાકીય સમજને પણ દૂર કરી દીધી. અવાજથી જ મેસેજિંગનું કામ થવા લાગ્યું. વધ્યુંઘટ્યું કામ એપ્સે કરી નાખ્યું અને બધું જ આંકળીઓના સહારે સરકવા લાગ્યું, પરંતુ સમસ્યા તેને સંભાળવાની ઊભી થઈ. તેનો અયોગ્ય લાભ હેકર્સે ઉઠાવ્યો છે.

માન્યું કે ચૂંટણીમાં જૂઠ્ઠાણું હંમેશાં પ્રચાર અભિયાનોનો હિસ્સો રહ્યો છે, પરંતુ હવે આપણે એક એવા દોરમાં પ્રવેશ કરી ચૂક્યા છીએ, જ્યાં પરિષ્કૃત એઆઈ ઉપરણ માનવીય ચહેરા સાથેનાં મશીનો દુષ્પ્રચારના દાયરાનું મેનેજમેન્ટ અને પ્રસાર કરવા લાગ્યાં છે. સમસ્યા એ છે કે તેના પુર્વાનુમાન પર કેટલો ભરોસો કરવો? આ જેટલી ચિંતાની વાત છે, એટલી જ ચૂંટણી પંચ માટે પણ એક પડકાર છે. જોકે ૨૦૨૪ની ચૂંટણીઓમાં એઆઈનો સામનો કરવા માટે ૨૦ અગ્રણી ટેક્નોલોજી કંપનીઓ વચ્ચે ટેકનિકલ સમજૂતી પણ થઈ છે. એઆઈના દુષ્પ્રયોગને રોકવા માટે રણનીતિ બનાવવામાં આવી છે. સાથે જ, ઈન્ટરનેટ મીડિયા પર પ્રસારિત થનારા પ્રત્યેક ચૂંટણી કન્ટેન્ટ પર નજર રાખવા માટે ચૂંટણી પંચ તરફથી વિશેષજ્ઞ આઈટી ટીમને તૈનાત કરી દીધી છે. તેનું કેટલું ચેકિંગ થઈ શકે છે અને કોના પર કેવી કાર્યવાહી થઈ શકે છે, તે જોવું બાકી છે.

# ખંભાળિયા સહિત જિલ્લાના સંવેદનશીલ દરિયામાં માછીમારી કાયદાનું ઉલ્લંઘન કરતા માછીમારો સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહી

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૪

ગુજરાત રાજ્યમાં સૌથી લાંબો દરિયાકાંઠો ધરાવતા અને રાજ્યના છેવાડાના જિલ્લા એવા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં માછીમારીનો વ્યવસાય વ્યાપક પ્રમાણમાં ચાલી રહ્યો છે. ત્યારે માછીમારી અંગે સરકાર દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓનું ઉલ્લંઘન કરી અને મનસ્વી રીતે માછીમારી કરતા તેમજ મંજૂરી વગર દરિયામાં જતા આસામીઓ સામે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા કડક હાથે કામગીરી કરવામાં આવી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીમાં ખંભાળિયા તાલુકાના વાડીનાર ગામે રહેતા અસલમ નૂરમામદ સુંભણીયા નામના ૩૧ વર્ષના વાઘેર માછીમાર યુવાન દ્વારા પોતાના કબજા ભોગવટાની માછીમારી બોટ "અલ મોહમ્મદ"માં ટોકન લીધા વગર માછીમારી કરવા જતા તેની સામે ગુજરાત મત્સ્યોદ્યોગ સુધારા વટહુકમ હેઠળ ગુનો નોંધાયો છે.

દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાંથી પોલીસે હુશેની ચોક ખાતે રહેતા દાઉદ ઓસમાણ ઈસ્માઈલ ભેંસલીયા (ઉ.વ. ૪૭) સામે નોંધેલા ગુનામાં ઉપરોક્ત શખ્સ દ્વારા તેની "જીલાની જહાન" નામની માછીમારી કરવાની બોટમાં ગેરકાયદેસર રીતે માછીમારી કરી, બોટમાં સેફ્ટીના સાધનો કે લાઈફ જેકેટ અને અગ્નિશમન સાધનો રાખ્યા વગર, બોટનું રજીસ્ટ્રેશન કરાવ્યા વગર, બોટનું ફિટનેસ સર્ટિફિકેટ મેળવ્યા વગર તેમજ માછીમારીનું ટોકન લીધા વગર માછીમારી કરવા જવાના કારણે પોતાનું તથા પોતાની સાથે રહેલા ખલાસીઓના જીવનું જોખમ હોવાનું જાણવા છતાં આ પ્રકારે ગુનાહિત પ્રકારની મનુષ્યવધની કોશિશ પ્રકારના આ પ્રકરણ અંગે દ્વારકા પોલીસ મથકમાં ઉપરોક્ત આરોપી દાઉદ ઓસમાણ સામે આઈ.પી.સી. કલમ ૩૦૮ તથા ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદાની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધાયો છે.

દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાંથી શાંતિનગર વિસ્તારમાં રહેતા હુસેન ઓસમાણ બુખારી (ઉ.વ. ૬૦), અશરફ અકબર ઈબ્રાહીમ પુના (ઉ.વ. ૧૮), હારૂન જુમા અલારખા ભેંસલીયા (ઉ.વ. ૫૫), અબાસ કાસમ જુમા (ઉ.વ. ૩૫), રજાક હુસેન સુલેમાન જમાદાર (ઉ.વ. ૨૬), આલી રાણા અલારખા ભેસલીયા, હમજા હનીફ કાસમ પટેલીયા (ઉ.વ. ૨૪), હાજી સિદિક ઓસમાણ ભેસલીયા (ઉ.વ. ૨૩), હુસેન અયુબ ભેંસલીયા (ઉ.વ. ૩૦) અને અબ્દુલ સુલેમાન જાકુબ પટેલિયા (ઉ.વ. ૪૦) નામના માછીમારોને ટોકન વગર માછીમારી કરવા સહિતના ગુનામાં દ્વારકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

ઓખામાં નેતરના પુલ પાસેથી પોલીસે અબ્દુલ ગફાર સોઢા (ઉ.વ. ૩૬) ને ઓનલાઈન ટોકન મળ્યા મેળવ્યા વગર માછીમારી કરવા જતા તેમજ આ જ વિસ્તારમાંથી આસિફ હુસેન સંઘાર (ઉ.વ. ૩૫) ને તેમજ આરંભડા વિસ્તારના રહીશ નવાઝ જુમા સંઘાર (ઉ.વ. ૨૮) ને જુના ટોકન મુજબ ફરીથી ફિશીંગ કરવા જતા પોલીસે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

# માંગરોળ : સલાટ સમાજ દ્વારા ચિત્રકલા હરીફાઈ યોજાઈ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૪

માંગરોળ સલાટ સમાજ દ્વારા વિવિધ ઉત્સવો ધાર્મિક તહેવારો ની રંગે ચંગે ઉજવણીઓ થતી હોય છે અને આખો સમાજ આ તહેવારો માં ઉત્સાહ ઉમંગ થી જોડાતો હોય છે,અને સમગ્ર સમાજ ની યુનિટી પણ દાદ માંગી લે તેવી છે ત્યારે આ સમાજ દ્વારા એક નવતર પ્રયોગ અને આયોજન કરવા માં આવ્યું જેમાં સમાજ નાં દીકરા દીકરી ની એક ચિત્રકલા ની હરીફાઈ રાખવા માં આવેલી અને આ આયોજન સમાજ દ્વારા કરવા માં આવેલું, અંદાજિત સિતેર થી એશી બાળકો એ ભાગ લીધેલો અને ચાર વર્ગ પાડેલા દરેક વર્ગ માં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમાંક આપવા માં આવેલા હતા. સમાજ ના શ્રેષ્ઠી તરફ થી ભાગ લેનાર બાળકો ને નાસ્તો ગિફ્ટ પ્રમાણ પત્ર અને શિલ્ડ આપવા માં આવેલ હતા.

# ખંભાળિયામાં બે વેવાઈ પક્ષ વચ્ચે બઘડાટી: સામસામે પોલીસ ફરિયાદ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૪

ખંભાળિયામાં શક્તિનગર વિસ્તારમાં આવેલી શ્રીનાથજી સ્કૂલની પાછળના ભાગે રહેતા ગઢવી ખીમાભાઈ ઉર્ફે ભોલાભાઈ જેસાભાઈ રૂડાચ નામના ૪૮ વર્ષના યુવાનની પુત્રીના લગ્ન થોડો સમય પૂર્વે હાલ સુરતમાં રહેતા અને મૂળ ખંભાળિયાના ધરમપુર વિસ્તારના રહીશ લખુભાઈ ભીમાભાઈ ભાન (ઉ.વ. ૫૬) ના પુત્ર કરણ સાથે થયા હતા. લગ્ન બાદ ફરિયાદી ખીમાભાઈની પુત્રી કેનેડા માટે ભણવા માટે ગઈ હતી. જેના માટે લખુભાઈ ભાનએ એજ્યુકેશન લોન કરાવી હતી. આ લોનમાં ગેરંટર તરીકે ફરિયાદી ખીમાભાઈ રૂડાચ તથા તેમના જમાઈ હતા.

આ એજ્યુકેશન લોનના પૈસા બાબતે આરોપી લખુભાઈએ અવારનવાર ફરિયાદી ખીમાભાઈ લોનના પૈસા ખાઈ ગયેલ છે તેવી વાતો કરી હતી. જેથી ખીમાભાઈએ તેમના જમાઈ કરણ ક્યાં છે? તેમ પૂછતા આરોપી લખુભાઈ ગઢવીએ ઉશ્કેરાઈને તેમને બિભત્સ ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. આ પ્રકરણ અંગે પોલીસે આઈપીસી કલમ ૫૦૪ તથા ૫૦૬ (૨) મુજબ ગુનો નોંધ્યો છે.

આ ઉપરાંત સામા પક્ષે ગઢવી લખુભાઈ ભીમાભાઈ ભાન (ઉ.વ. ૫૬, મૂળ રહે. ધરમપુર - ખંભાળિયા, હાલ સુરત) એ શ્રીનાથજી સ્કૂલ પાછળ રહેતા ખીમાભાઈ ઉર્ફે ભોલાભાઈ જેસાભાઈ રૂડાચ અને ભાડથર ગામે રહેતા મેઘા જેસાભાઈ રૂડાચ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ફરિયાદી લખુભાઈએ પોતાની પુત્રવધુ એવી આરોપીની ખીમાભાઈની પુત્રી નંદિનીને કેનેડા ખાતે ભણવા મોકલી હોય, જેથી આરોપીએ ફરિયાદી લખુભાઈને કહેલ કે આપણી વચ્ચે દીકરા-દીકરીના થયેલા સંબંધ પુરા કરી નાખવા છે. તેમ કહેતા લખુભાઈએ ના પાડતા થયેલી બોલાચાલી બાદ આરોપીઓએ તેમને બિભત્સ ગાળો કાઢી, જાનથી નાખવાની ધમકી આપી હતી. આ પ્રકરણમાં ખંભાળિયા પોલીસે બંને ભાઈઓ સામે આઈ.પી.સી. કલમ ૫૦૪, ૫૦૬ (૨) તથા ૧૧૪ મુજબ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હેડ કોન્સ્ટેબલ આર.જે. હુણ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# આર્થિક સંકળામણના કારણે જાણીતા સોની વેપારીએ જિંદગી ટૂંકાવી લેતા અરેરાટી

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૪

ખંભાળિયામાં દાયકાઓથી સોની કામના વ્યવસાય સાથે સંકળાયેલા જાણીતા વેપારી નીતિનભાઈ ગુસાણીએ તાજેતરમાં જલદ એસિડ ગટગટાવી લેતાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ કરુણ બનાવની જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયાના કલ્યાણ બાગ સોસાયટી વિસ્તારમાં રહેતા અને સોની કામની દુકાન ધરાવતા જાણીતા સોની વેપારી નીતિનભાઈ વૃજલાલ ગુસાણી (ઉ.વ. ૫૮) એ તેમના સોના-ચાંદીના વ્યવસાયમાં લીધેલા સોનાના ઓર્ડર દરમિયાન સોનાની ભાવમાં તોતિંગ વધારો આવી જતા તેઓ છેલ્લા કેટલાક સમયથી ખૂબ જ આર્થિક ખેંચ અનુભવી રહ્યા હતા. આ પરિસ્થિતિમાં ચિંતાગ્રસ્ત હાલતમાં મુકાઈ ગયેલા અને આર્થિક સંકળામણમાં આવી ગયેલા નીતિનભાઈ ગુસાણીએ તાજેતરમાં પોતાના હાથે જલદ એસિડ ગટગટાવી લીધી હતું. જેના કારણે તેમને ગંભીર હાલતમાં અહીંથી જામનગર અને ત્યાર બાદ રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગ મૃતકના પુત્ર કરણ નીતિનભાઈ ગુસાણી (ઉ.વ. ૨૪) એ અહીંની પોલીસને જાણ કરી છે. જાણીતા વેપારીના આપઘાતના આ બનાવે મૃતકના પરિવારજનો સાથે સોની સમાજમાં ભારે શોક સાથે અરેરાટી પ્રસરાવી છે.

# ખંભાળિયા: એનિમલ એમ્બ્યુલન્સે જિલ્લામાં ૭ વર્ષમાં ૧૧૧૬૬ પશુઓને સારવાર આપી

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એનિમલ એમ્બ્યુલન્સ દ્વારા છેલ્લા સાત વર્ષમાં આશરે વિવિધ



પ્રકારના ૧૧,૧૬૬ પશુઓને સારવાર પૂરી પાડવામાં સફળતા મેળવી છે. ૬ ઓક્ટોબર ૨૦૧૭ ના રોજ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં પશુ સારવાર માટેની આવશ્યક સેવા (૧૯૬૨) નો પ્રારંભ થયો હતો. આ સેવાના પ્રારંભથી આજ સુધીમાં વિવિધ પ્રકારના અબોલ પશુઓને તાકીદની સારવાર આપવા માટે ૧૯૬૨ ને સફળતા મળી છે. EMRi GHS અને પશુપાલન વિભાગના સંયુક્ત ઉપક્રમે ૬ ઓક્ટોબર ૨૦૧૭થી આજ દિન સુધી ૧૧,૧૬૬ મૂંગા પશુઓને જરૂરી સારવાર આપવામાં આવી છે.

નગર કે કોઈપણ વિસ્તારમાં રખડતા કૂતરા,બિલાડી કબૂતર કે કોઈ પણ રસ્તે રઝળતા પશુ કે જે ઈજાગ્રસ્ત કે બીમાર હાલતમાં જોવા મળે તો તુરંત ૧૯૬૨ હેલ્પ લાઈન નંબર પર ફોન કરીને જાણ કરવા ૧૯૬૨ એમ્બ્યુલન્સમાં ફરજ બજાવતા ડો. રાહુલભાઈ અને પાયલોટ પરેશભાઈ દ્વારા લોકોને અનુરોધ કરવામાં આવ્યો છે. જેથી પશુઓને જરૂરી સારવાર તુરંત જ આપી શકાય.

# વેલાવડની જગ્યાના મહંત સંતશ્રી પુ.મંગલાગીરીબાપુને શ્રધ્ધાંજલી અપાઈ



જૂનાગઢ તા.૨૪

જૂનાગઢના વેલાવડ જગ્યાના મહંત અને ચુંવાળીયા કોળી ઠાકોરસમાજના ધર્મગુરૂ સંત શ્રી મંગલાગીરીબાપુ કૈલાસવાસ પામ્યા છે. તેમની સમાધિ પર ફુલો ચડાવીને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવેલ જેમાં જેઠાભાઈ જોરા માજી ધારાસભ્ય, બટુકભાઈ મકવાણા મહામંત્રી અખીલ ભારતીય કોળી સમાજ ગુજરાત પ્રદેશ, કાળુભાઈ કડીવાર મંત્રી અખીલ ભારતીય કોળી સમાજ વંથલી તાલુકા પ્રમુખ, જીસાનભાઈ હાલેપૌત્રા એડવોકેટ, પી.ડી.પુરોહિત, ભનાભાઈ ચાવડા, અશોકભાઈ દેગામ તથા બાપુ સહિતનાઓ ઉપસ્થિત રહયા હતા.

# ઓરસંગ નદીમાં ન્હાવા પડેલા યુવકને મગર તાણી ગયો

સોમવારે સાંજે ૨૧ વર્ષીય યુવક પર મગરે હુમલો કર્યો હતો પીડિતાની ઓળખ મેહુલ ભરવાડ તરીકે થઈ હતી

વડોદરા, તા.૨૪

ડભોઈ તાલુકાના ઓરસંગ નદીમાં સોમવારે સાંજે ૨૧ વર્ષીય યુવક પર મગરે હુમલો કર્યો હતો પીડિતાની ઓળખ મેહુલ ભરવાડ તરીકે થઈ હતી જેને મગર પાણીમાં ખેંચીને લઈ ગયો હતો. સ્થાનિકોએ ફાયર બ્રિગેડના જવાનોને બોલાવીને સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. જો કે, તેઓ હજુ સુધી ભરવાડને શોધી શક્યા નથી. સ્થાનિકોના જણાવ્યા મુજબ ભરવાડ બોટાદનો રહેવાસી હતો અને તે ડભોઈ ખાતે કોઈ કામ અર્થે આવ્યો હતો.

ભરવાડ અને તેના મિત્રો નદીમાં ન્હાવા જતા હતા ત્યારે એક મગરે તેના પર હુમલો કર્યો હતો. ફાયર બ્રિગેડના કર્મચારીઓએ જણાવ્યું હતું કે અંધારામાં લાશ શોધવામાં તેમને મુશ્કેલી પડી રહી હતી.

# શ્રી ખોડીયાર ગ્રુપ યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા પક્ષીઓ માટે કુંડાનું વિતરણ કરાયું




(પ્રાતાનાધ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢમાં બીજી વખત ઉનાળાની કાળઝાળ ગરમીમાં અબોલ પક્ષીઓ માટે પાણી અને ચણ માટેનાં કુંડાનું વિનામુલ્યે વિતરણ કરાયું હતું. માનવ સેવા એજ પ્રભુ સેવા નાં સુત્ર ને સાર્થક કરતી સંસ્થા શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ-જૂનાગઢ દ્વારા આયોજીત બીજી વખત તા.૨૧-૪-૨૦૨૪ને રાવવારના રાજ આઝાદ ચોક-જૂનાગઢ ખાતે અબોલ પક્ષીઓ માટે પાણી અને ચણ માટેનાં કુંડાનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવેલ હતું. આ કુંડા વિતરણ માં તમામ નાગરીકોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. આ સેવાકીય કાર્યમાં જૂનાગઢનાં નામાંકીત સામાજીક આગેવાનોમાં ચંદુભાઈ લોઢીયા, કિશોરભાઈ ચોટલીયા, અરવિંદભાઈ મારડીયા, હર્ષભાઈ ઠાકર, હરસુખભાઈ પાલા, રમણીકભાઈ ચલ્લા, જયશ્રીબેન ગાલોરીયા, તરૂબેન ગઢીયા, કુમુદબેન ઠાકર, રમીલાબેન ઘુચલા, રોહિણીબેન આચાર્ય, દમયંતીબેન વૈઠા, દેવીબેન દવે, રેખાબેન સ્વાદીયા, ઈન્દુબેન ખાણદર, જયાબેન પરમાર, ભાવનાબેન કે.વૈષ્નવ, કિરણબેન ઉનડકટ, નોમાબેન ઠાકર, નીલાબેન ભટ્ટ, રોશનીબેન ઘુચલા વગેરે ખાસ સહભાગી થયાં હતાં. આ સેવાકીય કાર્યમાં તમામ ઉપસ્થિત મહેમાનોએ સંસ્થાની કામગીરી બિરદાવી હતી. આ સેવાકીય કાર્યને સફળ બનાવવાં સંસ્થાનાં પ્રમુખ નરેન્દ્રભાઈ ઘુચલાએ ભારે જહેમત ઉઠાવી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સાચો સંતોષ એ જ ખરો ત્યાગ છે.

- સ્વામી રામતીર્થ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૧ એકમ તિથિની વૃધ્ધિ છે તા.૨૪ એપ્રિલ ૨૦૨૪, બુધવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૧૪, સ્વાતિ નક્ષત્ર, સિધ્ધિ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૨૫, સૂ.અ.૭:૧૪

આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: સંતાન બાબતે ચિંતા સર્જાય. આર્થિક સમસ્યા દૂર થાય.
વૃષભ:નવા આર્થિક આયોજનો પાર પાડી શકશો. નવિન તક સાંપડે.
મિથુન:પારિવારીક જીવનમાં આનંદ રહે. વ્યવસાયિકકાર્યમાં સફળતા મળે.
કર્ક: શારીરિક કષ્ટ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ ન શકાય.
સિંહ: કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિક્ષેપ પડે. મનની મુરાદ બર ન આવે.
કન્યા: માનસિક શાંતિ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ ન શકાય.
તુલા: અપેક્ષાઓ ફળતી લાગે. પ્રિયજનથી લાભ થાય.
વૃશ્ચિક:મનમાં અશાંતિ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.
ધન: કાર્યબોજ વિશેષ રહે. રોકાયેલા નાણાં છૂટા થાય.
મકર: મહત્વના કાર્યોમાં રૂકાવટ આવે. પડવા-વાગવાથી સંભાળવું.
કુંભ: વ્યર્થ વાદ-વિવાદ ટાળવો. નાણાંનું રોકાણ ન કરવું.
મીન: મનમાં વ્યર્થ ચિંતા રહે. જીવનસાથી સાથે વાણી ઘર્ષણ થાય.

# મતદાન પહેલાં જ લોકસભા બેઠકની જીત : જો કે, આ કિસ્સો દુર્લભ નથી

ગાંધીનગર, તા.૨૪

લોકસભા ચૂંટણી માટે સુરતના ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ ચૂંટાયા હતા. જો કે, આ પહેલીવાર નથી જ્યારે લોકસભાના ઉમેદવાર મતદાન થયા પહેલા જ ચૂંટાયા હોય. સ્વતંત્ર ભારતના સાત દાયકાના ચૂંટણી ઈતિહાસમાં ત્રણ ડઝન સાંસદો બિનહરીફ જીત્યા છે . વાસ્તવિક મતદાન થાય તે પહેલા જ ભાજપના ઉમેદવારે તેની લોકસભા બેઠક જીતી લીધી છે. જો કે, સુરતમાંથી મુકેશ દલાલની બિનહરીફ જીત કદાચ દુર્લભ છે, પરંતુ તે પ્રથમ નથી. ૧૯૫૧માં ભારતની આઝાદી પછીની પ્રથમ ચૂંટણી દરમ્યાન પણ, ચૂંટણીઓ હાથ ધરવામાં આવે તે પહેલાં ઉમેદવાર બિનહરીફ જીત્યાનું ઉદાહરણ છે. ૨૦૧૨ની લોકસભા પેટાચૂંટણીમાં ઉત્તર પ્રદેશના કન્નૌજમાં ડિમ્પલ યાદવની જીત એ તાજેતરના ઉદાહરણોમાંનું એક છે. ઉત્તર પ્રદેશના તત્કાલીન મુખ્ય પ્રધાન અખિલેશ યાદવની પત્ની, ડિમ્પલ યાદવને કન્નૌજ લોકસભા બેઠક ઉપરથી બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા કારણ કે તેમની સામે મેદાનમાં રહેલા બે ઉમેદવારોએ પેટાચૂંટણી માટે તેમના નામાંકન પાછા ખેંચ્યા હતા. જેમાં કોંગ્રેસ અને બસપાએ ઉમેદવારો ઉભા રાખ્યા ન હતા. આ પહેલાં છેલ્લે ૧૯૮૯માં પણ લોકસભા ઉમેદવાર બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. ૧૯૫૧માં સ્વતંત્ર ભારતની પ્રથમ ચૂંટણીમાં, ૧૦ જેટલા ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા. આગામી ૧૯૫૭ની ચૂંટણીમાં, બિનહરીફ જીતનારા સાંસદોની સંખ્યા વધીને ૧૧ થઈ ગઈ. ૧૯૬૨ અને ૧૯૬૭ની ચૂંટણીમાં અનુક્રમે ત્રણ અને પાંચ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા. ૧૯૭૧માં એક ઉમેદવાર, ૧૯૭૭માં બે સાંસદો અને ૧૯૮૪માં એક જ ઉમેદવાર મત આપ્યા વિના જીતી ગયો હતો. સામાન્ય ચૂંટણીઓમાં વોકઓવર મેળવનારા રાજકારણીઓમાં નાસિક બેઠક ઉપરથી પૂર્વ નાયબ વડાપ્રધાન અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી વાય.બી. ચવ્હાણ અને શ્રીનગરથી જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના વડા ફારૂક અબ્દુલ્લાનો સમાવેશ થાય છે. પૂર્વ બંધારણ સભાના સભ્ય અને નાણા પ્રધાન, ટીટી કૃષ્ણમાચારીએ ૧૯૬૨માં તમિલનાડુની તિરૂચેન્દુર લોકસભાર બેઠક બિનહરીફ જીતી હતી. ઓડિશાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હરેકૃષ્ણ મહાતાબ, લક્ષદ્વીપના પીએમ સઈદ અને નાગાલેન્ડના પૂર્વ મુખ્યમંત્રી અને રાજ્યપાલ એસસી જમીર પણ બિનહરીફ જીત્યા હતા.

# ચૂંટણીના પગલે બોર્ડમાં કોપી કરતા પકડાયેલા વિદ્યાર્થીઓનું હિયરીંગ અટક્યું

## ચૂંટણી આચારસંહિતાના પગલે પરીક્ષા સમિતિની બેઠક ન મળતાં હિયરીંગમાં વિલંબ

અમદાવાદ, તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા દરમ્યાન અને ત્યારબાદ CCTV ફૂટેજની ચકાસણીમાં કોપી કરતા પકડાયેલા વિદ્યાર્થીઓના નિર્ણયનો મામલો ચૂંટણીના પગલે અટકી પડ્યો છે. આચાર સંહિતાને કારણે બોર્ડની પરીક્ષા સમિતિની બેઠક થતી ન હોવાથી નિર્ણય લેવામાં વિલંબ થયો છે. એક બાજુ શિક્ષણ બોર્ડ વહેલું પરિણામ જાહેર કરવા યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યું છે તો બીજી બાજુ પરીક્ષા સમિતિની બેઠક ન મળવાના કારણે કામગીરી અટકી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં લેવામાં આવેલી ધોરણ- ૧૦ અને ૧૨ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવાનું કામ યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે. શિક્ષણ બોર્ડ દ્વારા આ વર્ષે ખૂબ જ વહેલું પરિણામ જાહેર કરવા માટેની તૈયારીઓ પણ કરાઈ છે. જો કે, બીજી બાજુ પરીક્ષા દરમ્યાન થયેલા કોપી કેસ તેમજ પરીક્ષા બાદ CCTVના ફૂટેજની ચકાસણી દરમ્યાન ધ્યાને આવેલા ગેરરીતિના કેસ અને ઉત્તરવહી મૂલ્યાંકન દરમ્યાન ધ્યાને આવેલા સામૂહિક કોપી કેસના નિકાલ માટે પરીક્ષા સમિતિની બેઠકમાં હિયરીંગ કરી નિર્ણય લેવામાં આવતા હોય છે. શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા સમિતિ બોલાવી ગુણદોષના આધારે નિર્ણય કરવા માટે ચૂંટણી આચાર સંહિતાને કારણે શિક્ષણ બોર્ડે ૧૦ દિવસ પહેલા ચૂંટણી પંચને મંજૂરી માટે દરખાસ્ત કરી છે, જેનો કોઈ પ્રત્યુતર શિક્ષણ બોર્ડને નહીં મળવાને કારણે પરીક્ષા ગેરરીતિનો મામલો અટક્યો છે. ઉલ્લેખનીય છે કે, દર વખતે અમુક નિર્દોષ વિદ્યાર્થીઓ નિર્દોષ છૂટતા હોય છે. તેનું પરિણામ જાહેર કરવામાં આવતું હોય છે. આવા નિર્દોષ વિદ્યાર્થીઓની કારકીર્દિનો પ્રશ્ન ઊભો થયો છે. આ વખતે પરીક્ષા સમિતિ ચૂંટણી આચાર સંહિતાને કારણે મળી શકી ન હોય આ મામલો ગુંચવાયો છે.

# શિક્ષક ભરતી કૌભાંડ : મમતા બેનરજીએ કહ્યું, હાઈકોર્ટનો ચુકાદો ‘ગેરકાયદેસર’ છે અમે તેને પડકારીશું



નવી દિલ્હી, તા.૨૪

પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનરજીએ સોમવારે ૨૦૧૬ની ભરતી પરીક્ષા દ્વારા શિક્ષકોની નિમણૂકોને રદ કરવાના કલકત્તા હાઈકોર્ટના આદેશને ગેરકાયદેસર ગણાવ્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે, ભાજપના નેતાઓ, ન્યાયતંત્ર અને ચુકાદાઓને પ્રભાવિત કરી રહ્યા છે. મમતાએ કહ્યું, ‘અમે નોકરી ગુમાવનારાઓની પડખે ઊભા રહીશું અને તૃણમૂલ સરકાર હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારશે.’ હાઈકોર્ટે ૨૦૧૬ની ભરતી પ્રક્રિયા દ્વારા પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા પ્રાયોજિત અને સહાયિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઉમેદવારોની પસંદગીમાં તમામ નિમણૂકોને રદબાતલ જાહેર કરી હતી. કોર્ટે શાળા સેવા આયોગ (SSC)ને નવી ભરતી કરવા આદેશ આપ્યો છે. રાજ્ય કક્ષાની પસંદગી કસોટી- ૨૦૧૬ (SLST) દ્વારા વર્ગ ૯, ૧૦, ૧૧ અને ૧૨ના શિક્ષકો અને જૂથ-સી અને ડી કર્મચારીઓની શ્રેણીઓમાં SSC દ્વારા તમામ નિમણૂકો જ્યાં ગેરરીતિઓ જોવા મળી હતી તે તમામ રદબાતલ જાહેર કરવામાં આવી છે. હાઈકોર્ટે વધુમાં આદેશ આપ્યો હતો કે, ગેરકાયદેસર રીતે ભરતી કરાયેલા લોકોએ છ સપ્તાહમાં તેમનો પગાર પરત કરવો પડશે. ૨૦૧૬માં ઉમેદવારોની ભરતી પ્રક્રિયાની પસંદગીમાં કથિત અનિયમિતતાઓને લગતી અરજીઓ અને અપીલોની સુનાવણી બાદ કોર્ટે પોતાનો ચુકાદો સંભળાવ્યો હતો. સુપ્રીમ કોર્ટના નિર્દેશ ઉપર હાઈકોર્ટના ચીફ જસ્ટિસ દ્વારા રચાયેલી ડિવિઝન બેન્ચ આ મામલે સુનાવણી કરી રહી હતી. આ મામલે ૨૦ માર્ચના રોજ સુનાવણી પૂરી થઈ ગઈ હતી અને ડિવિઝન બેન્ચે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. પશ્ચિમ બંગાળ શાળા સેવા આયોગ (SSC) શિક્ષક ભરતી કૌભાંડ બંગાળ ભાજપના નેતા પાર્થ ચેટરજીની ધરપકડ પછી પ્રકાશમાં આવ્યું હતું. ચેટરજીની ધરપકડ ૨૩ જુલાઈ, ૨૦૨૨માં કરવામાં આવી હતી. તે સમયે તેઓ તૃણમૂલ કોંગ્રેસના નેતા અને મમતા બેનરજીની કેબિનેટમાં શિક્ષણ પ્રધાન તરીકે સેવા આપતા હતા. અગાઉ ૧૬ ફેબ્રુઆરીએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની એક ટીમે કોલકાતામાં પાર્થ ચેટરજીના નજીકના સહયોગીઓ ઉપર દરોડા પાડ્યા હતા. પૂર્વ શિક્ષણ પ્રધાનના નજીકના સહયોગી અર્પિતા મુખર્જીના કોલકાતાના ઘરેથી ૨૧ કરોડ રૂપિયા રોકડા અને ૧ કરોડ રૂપિયાથી વધુની કિંમતના દાગીના મળી આવ્યા બાદ ચેટરજીની ધરપકડ કરવામાં આવી હતી. ચેટરજી અને તેમના સહયોગી અર્પિતા મુખર્જી પશ્ચિમ બંગાળ સ્કૂલ સર્વિસ કમિશન (WBSSC) ભરતી કૌભાંડમાં તપાસનો સામનો કરી રહ્યા છે. અભિજિત ગંગોપાધ્યાયે મમતાના રાજીનામાની હાકલ કરી છે. ભાજપની ટિકિટ ઉપર લોકસભાની ચૂંટણી લડી રહેલા હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ અભિજિત ગંગોપાધ્યાયે આ ચુકાદા પછી મમતા બેનરજીના તત્કાલ રાજીનામાની માંગ કરી હતી. તેમણે પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા પ્રાયોજિત અને સહાયિત શાળાઓમાં રાજ્ય સ્તરીય પસંદગી પરીક્ષણ૨૦૧૬ (SLST)ની ભરતી પ્રક્રિયા દ્વારા કરવામાં આવેલી તમામ નિમણૂકોને રદ કરવાના આદેશને ‘યોગ્ય ચુકાદો’ ગણાવ્યો હતો. ગંગોપાધ્યાયે અગાઉ આ કેસમાં CBI તપાસનો આદેશ આપ્યો હતો. ભરતી પ્રક્રિયામાં કથિત અનિયમિતતા અંગે તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ‘રાજ્ય વહીવટમાં છેતરપિંડી કરનારાઓના સમગ્ર જૂથના કૌભાંડને આચરવા માટે જવાબદાર ફાંસી ઉપર લટકાવી દેવા જોઈએ.’

# ૪૫થી વધુ ઉંમરના ૩૫ લાખથી વધુ લોકોના ડેટાના વિશ્લેષણ ઉપર આધારિત; અભ્યાસમાં જણાયું કે, ‘સાયલન્ટ કિલર’ની સ્થિતિમાં ઉછાળો

(એજન્સી) તા.૨૪

એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, હૃદયની ગંભીર સ્થિતિ જેને ‘સાયલન્ટ કિલર’ તરીકે ઓળખવામાં આવે છે, તે નોંધપાત્ર રીતે ઘણા લોકો માટે જોખમી છે. જે સ્ટ્રોક અને હૃદયની નિષ્ફળતામાં ફાળો આપનાર એક પરિબળ છે. આ સંશોધને આરોગ્ય નિષ્ણાતોને ચિંતામાં મૂકી દીધા છે. તે હાલની માન્યતાને પણ પડકારે છે કે, ધમની ફાઈબરિલેશન (AFib), જે અનિયમિત હૃદયના ધબકારાનું કારણ બને છે, તે માત્ર એક ક્વાર્ટર પુખ્ત વયના લોકોને અસર કરે છે. આ અભ્યાસ ડેનિશ સંશોધકો દ્વારા હાથ ધરવામાં આવ્યો છે જેમણે લાખો પુખ્ત વયના લોકોના આરોગ્ય રેકોર્ડનું વિશ્લેષણ કર્યું હતું. ધમની ફાઈબરિલેશનનું ચોક્કસ કારણ અજ્ઞાત છે પરંતુ તે હાઈ બ્લડ પ્રેશર ધરાવતા લોકો તેમજ મેદસ્વી લોકોમાં વધુ સામાન્ય હોવાનું જાણીતું છે. વધુમાં AFib નિયમિત તબીબી પરીક્ષણ દરમ્યાનચોક્કસ ડાયગ્નોસ્ટિક પરીક્ષણો જેમ કે ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ (ECG) અથવા હોલ્ટર મોનિટર વિના શોધવાનું પડકારરૂપ બની શકે છે, જે વિસ્તૃત અવધિમાં હૃદયની પ્રવૃત્તિને રેકોર્ડ કરે છે. પરિણામે જ્યાં સુધી ગંભીર ગૂંચવણ ઊભી ન થાય ત્યાં સુધી AFibના ઘણા કેસોનું નિદાન થતું નથી. તેઓએ બે દાયકા ૨૦૦૦થી ૨૦૧૦ અને ૨૦૧૧થી ૨૦૨૨ના ડેટાની પણ સરખામણી કરી. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, એકંદરે ધમની ફાઈબરિલેશન માટે આજીવન જોખમ ૨૦૧૧ અને ૨૦૨૨ની વચ્ચે ૩૧ ટકા હતું, જે અગાઉના દાયકામાં ૨૪ ટકા હતું. સંશોધકોએ જણાવ્યું હતું કે, સ્ત્રીઓની સરખામણીએ પુરૂષોમાં જોખમ થોડું વધારે હતું. AFibનું સંચાલન કરવા માટે ઘણીવાર જીવનશૈલીમાં ફેરફાર, દવાઓ અને કેટલીકવાર કાર્ડિયોવર્ઝન અથવા કેથેટર એબ્લેશન જેવી પ્રક્રિયાઓનું મિશ્રણ સામેલ હોય છે જેથી હૃદયની સામાન્ય લય પુર્નઃ સ્થાપિત થાય. વધુમાં AFib સાથે સંકળાયેલ લોહીના ગંઠાવાનું અને સ્ટ્રોકનું જોખમ ઘટાડવા માટે લોહીને પાતળું કરવાની દવાઓ સૂચવવામાં આવી શકે છે.



# વિદેશમાં MDH અને એવરેસ્ટના મસાલામાં કેન્સર થાય તેવા પદાર્થ મળવાનો મામલો શું છે ?




(એજન્સી) તા.૨૪

હોંગકોંગના ફૂડ સેફ્ટી વિભાગે ભારતીય કંપની એમડીએચ અને એવરેસ્ટના કેટલાક પેકેટબંધ મસાલાઓમાં કીટનાશક એથિલીન ઓક્સાઈડ મળ્યું હોવાનો દાવો કર્યો છે અને લોકોને તેનો ઉપયોગ ન કરવાની સલાહ આપી છે. તેમજ તેના ખરીદ-વેચાણ ઉપર પણ રોક લગાવાનું કહેવાયું છે. સિંગાપુરમાં પણ એવરેસ્ટના ફિશ કરી મસાલાને બજારમાંથી પરત લેવાનો નિર્દેશ આપ્યો છે. હોંગકોંગના ફૂડ સેફ્ટી વિભાગ સેન્ટર ફોર ફૂડ સેફ્ટીને એમડીએચના મદ્રાસ કરી પાઉડર, સાંભર મસાલા મિક્સ્ડ પાઉડર અને કરી પાઉડર મિક્સ્ડ મસાલામાં કીટનાશક એથિલીન ઓક્સાઈડ મળ્યું છે અને લોકોને તેનો ઉપયોગ ન કરવાની સલાહ આપી છે. ફૂડ સેફ્ટી વિભાગ સેન્ટર ફોર ફૂડ સેફ્ટીએ તેના વેચાણ ઉપર રોક લગાવવાનું કારણ જણાવતા કહ્યું કે, કેન્સર ઉપર રિસર્ચ કરનારી એજન્સીએ એથિલીન ઓકસાઈડને ગ્રુપ-૧ કાર્સિનોજેનમાં રાખ્યું છે. કાર્સિનોજેન એવો પદાર્થ હોય છે જેમાં કચન્સર હોવાનો ખતરો હોય છે.

**સિંગાપુરમાં એવરેસ્ટ ફિશ કરી મસાલા ઉપર રોક :-**

ફૂડ સેફ્ટી વિભાગે ખાદ્ય પદાર્થોમાં કીટનાશક અવશેષ નિયમો (કેપ. ૧૩૨સીએમ)નો હવાલો આપીને કહ્યું કે, તેની હાજરીવાળું ભોજન ત્યારે જ વેચી શકાય જ્યારે તેનો ઉપયોગ સ્વાસ્થ્ય માટે નુકસાનકારક કે ખતરારૂપ ન હોય. હોંગકોંગના સેન્ટર ફોર ફૂડ સેફ્ટીએ ત્રણ રિટેલ દુકાનોમાંથી મસાલાનાં નમૂના લીધા હતા. સેન્ટર ફોર ફૂડ સેફ્ટીના પ્રવક્તા અનુસાર, હોંગકોંગમાં ખાદ્ય પદાર્થોમાં એથિલીન ઓક્સાઈડ જેવા કીટનાશકનો ઉપયોગ કરનાર ઉપર વધુમાં વધુ ૫૦ હજાર ડોલરનો દંડ થઈ શકે છે. ગુનો સાબિત થતાં દંડની સાથે છ મહિનાની જેલ પણ થઈ શકે છે. દરમ્યાન સિંગાપુરે દેશની ફૂડ એજન્સી તરફથી એથિલીન ઓક્સાઈડ મળતા એવરેસ્ટના ફિશ કરી મસાલાને બજારમાંથી પાછો લેવાનો નિર્દેશ આપ્યો છે. દેશમાં આ મસાલાની આયાતકાર મુથૈયા એન્ડ સન્સ પ્રાઈવેટ લિમિટેડને કહેવાયું કે તે આ પ્રોડક્ટને બજારમાંથી પાછી લઈ લે. સિંગાપુરની ફૂડ એજન્સીએ કહ્યું કે, ગ્રાહકો એવરેસ્ટના ફિશ કરી મસાલાનો ઉપયોગ ન કરે. સિંગાપુરની ફૂડ એજન્સીએ પોતાના નિર્ણયના સમર્થનમાં હોંગકોંગના ફૂડ સેફ્ટી વિભાગ તરફથી જારી કરેલા એ નિર્દેશનો હવાલો આપ્યો છે, જેમાં એમડીએચના ત્રણ મસાલા અને એવરેસ્ટના ફિશ કરી મસાલામાં કેન્સર પેદા કરે તેવાં તત્ત્વ હોવાની વાત કરી હતી.

**એવરેસ્ટે શું કહ્યું ? :-**

સિંગાપુરની ફૂડ એજન્સીએ કહ્યું કે, એથિલીન ઓક્સાઈડની ઓછી માત્રાથી કોઈ તત્કાળ જોખમનો ખતરો નથી, પરંતુ લાંબા સમય સુધીના ઉપયોગથી આ રીતના કેમિકલથી સ્વાસ્થ્યને ખતરો થઈ શકે છે. ન્યૂઝ વેબસાઈટ વિઓનને આપેલા જવાબમાં એવરેસ્ટે કહ્યું કે, તે પચાસ વર્ષ જૂની અને પ્રતિષ્ઠિત બ્રાન્ડ છે. એવરેસ્ટે કહ્યું, ‘અમારી બધી પ્રોડક્ટની ઝીણવટભરી તપાસ બાદ તૈયાર થાય છે અને એક્સપોર્ટ કરાય છે. અમે સાફસફાઈ અને ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડનું સખત પાલન કરીએ છીએ. અમારી પ્રોડક્ટ્સ ઉપર ઈન્ડિયન સ્પાઈસ બોર્ડ અને એફએસએસએઆઈ સમેત બધી એજન્સીઓએ મહોર મારી છે.’ એવરેસ્ટે કહ્યું, ‘દરેક એક્સપોર્ટ પહેલાં અમારી પ્રોડક્ટ સ્પાઈસ બોર્ડ ઓફ ઈન્ડિયાની તપાસમાંથી પસાર થાય છે. હાલમાં અમે સત્તાવાર માહિતીની રાહ જોઈ રહ્યા છીએ. અમારી ક્વોલિટી કંટ્રોલ ટીમ આ મામલાની પૂરી તપાસ કરશે.’

**એથિલીન ઓક્સાઇડ શું છે ? :-**

એથિલીન ઓક્સસાઈડ એક રંગહીન અને જ્વલનશીલ ગેસ છે. તેનો ઉપયોગ સામાન્ય રીતે કૃષિ, હેલ્થકેર અને ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીમાં કીટનાશક, સ્ટરલેન્ટના ફ્યુમિગેન્ટ બનાવવામાં થાય છે. મસાલાઓ અને અન્ય સૂકા ખાદ્ય પદાર્થોમાં માઈક્રોબિયલ પ્રદૂષણ ખતમ કરવા અને કીડા ઉપર કાબૂ કરવા માટે એથિલીન ઓકક્સાઈડનો ઉપયોગ કરાય છે. બેક્ટેરિયા, ફૂગ અને કીડાથી ખાદ્ય પદાર્થોને સુરક્ષિત રાખવા માટે એથિલીન ઓક્સાઈડનો ઉપયોગ થાય છે. જો કે, તેને અનેક સ્વાસ્થ્ય સંગઠનોએ કાર્સિનોજેનના વર્ગમાં રાખ્યું છે. કાર્સિનોજેન કેન્સરનું જોખમ પેદા કરી શકે છે. એથિલીન ઓક્સાઈડના જોખમને જોતા અનેક દેશોના ખાદ્ય નિયામકોએ ખાદ્ય પદાર્થોમાં તેના ઉપયોગના કડક નિયમો બનાવ્યા છે. આ દેશોમાં એથિલીન ઓક્સાઈડની માત્રા નિર્ધારિત કરવાના સખત કાયદા છે.

**મસાલાઓ ઉપર અમેરિકામાં પણ સવાલ :-**

ભારતીય મસાલાઓના વિદેશી નિયમનમાં ફસવાના અગાઉ પણ મામલા આવેલા છે. ૨૦૨૩માં અમેરિકન ફૂડ એન્ડ ડ્રગ્સ ઓથોરિટીએ એવરેસ્ટના સાંભર મસાલા અને ગરમ મસાલાને બજારમાંથી પરત લેવાનો નિર્દેશ આપ્યો હતો. આ મસાલા સાલ્મોનેલા પોઝિટિવ જાણવા મળ્યા હતા. તેનાથી બેક્ટેરિયાથી ડાયરિયા, પેટમાં દુઃખાવો, ચક્કર કે ઊલટી થઈ શકે છે. તાજેતરમાં બેબી ફૂડ વેચનારી કંપની નેસ્લેના એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકામાં મોજૂદ પ્રોડક્ટોમાં વધુ માત્રામાં સુગર જોવા મળી હતી. આ પ્રોડક્ટોમાં વિશ્વની સૌથી મોટી બેબી સિરિયલ બ્રાન્ડ સેરેલેક પણ સામેલ છે. શિશુઓને સુગર આપવાની સલાહ અપાતી નથી. આ રિપોર્ટ સ્વિસ સંગઠન પબ્લિકનો હતો. આ રિપોર્ટ ઈન્ટરનેશનલ બેબી ફૂડ એક્શન નેટવર્ક સાથે મળીને કરાયો હતો. બેલ્જિયમની એક લેબમાં આ પ્રોડક્ટની તપાસ બાદ આ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો.

# રાજ્યના સ્થાપના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં ફરી ચૂંટણી પ્રચારમાં સભા ગજવશે

## લોકસભા ચૂંટણીના પ્રચારની મુખ્ય ધૂરા સંભાળી ઠેર-ઠેર સભાઓ ગજવી રહ્યા છે મોદી



ગાંધીનગર, તા.૨૪

લોકસભા ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ૭મી મે એ ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટે તમામ ૨૬ પૈકી ૨૫ બેઠકો ઉપર મતદાન થવાનુ છે ત્યારે ગુજરાતના ચૂંટણી રણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ પ્રચાર અર્થે આવશે. પીએમ મોદી ૧લી મેએ ગુજરાત સ્થાપના દિવસે દાહોદમાં ચૂંટણી રેલી સંબોધિત કરશે. લીમખેડામાં પીએમ મોદીની જનસભાનું આયોજન કરાયુ છે. પીએમ મોદી પંચમહાલ અને દાહોદના ભાજપના ઉમેદવારો માટે પ્રચાર કરશે. પીએમ મોદી પંચમહાલ લોકસભના ઉમેદવાર રાજપાલસિંહ જાદવ અને દાહોદ લોકસભા બેઠકના ઉમેદવાર જસવંતસિંહ ભાભોર માટે ચૂંટણી પ્રચાર કરશે. વડાપ્રધાનના આગમનને પગલે જિલ્લા ભાજપ અને તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરૂ દેવાઈ છે. ૧લી મેએ ગુજરાત સ્થાપના દિવસ હોવાથી પીએમ મોદીની આ મુલાકાત ઘણી સૂચક ગણાઈ રહી છે. આ અગાઉ પીએમ મોદી ૧૨ માર્ચે અમદાવાદ ગાંધી આશ્રમના ખાતમુહૂર્ત પ્રસંગે ગુજરાત આવ્યા હતા. આ દરમ્યાન તેમણે હજારો કરોડના વિકાસકામોની ભેટ, દ્વારકા, રાજકોટ, સુરેન્દ્રનગર અને જામનગરને આપી હતી. આ પહેલાં પણ વડાપ્રધાન ચૂંટણી પ્રચારના પ્રારંભમાં ગુજરાતની મુલાકાતે આવ્યા હતા અને જનસભા સંબોધી પ્રચારનો પ્રારંભ કર્યો હતો. લોકસભા ચૂંટણીમાં પ્રચારની મુખ્યધૂરા અગાઉની જેમ જ આ વખતે પણ વડાપ્રધાન મોદીએ ખુદ સંભાળી લીધી છે અને તેઓ સતત દેશભરમાં વિવિધ બેઠકોના વિસ્તારોમાં ફરી ચૂંટણી સભાઓ ગજવી રહ્યા છે.

# બિહારમાં મારી ગામ ખાતેની મસ્જિદની સંભાળ હિન્દુઓ રાખે છે

(એજન્સી) તા.૨૪

ત્રણ યુવાનો કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર કામ કરીને મારી ગામ ખાતે ઘરે પરત ફરી રહ્યા હતા. તેમાંથી એક અજય પાસવાન યાદ કરતા કહે છે કે, તે ૧૫ વર્ષ પહેલાંની વાત હતી. અમે અમારા ગામની નિર્જન મસ્જિદમાંથી પસાર થઈ રહ્યા હતા, અને અમે તેને અંદરથી જોવાનું નક્કી કર્યું. અમે ઉત્સુક હતા. જ્યારે અમે પ્રવેશ્યા ત્યારે અમારી લાગણીઓ બદલાઈ ગઈ, કદાચ અલ્લાહ ઈચ્છે છે કે અમે અંદર જઈએ. પાસવાન, બખોરી બિંદ અને ગૌતમ પ્રસાદ-ત્રણે અહી સફાઈ કરવાનું નક્કી કર્યું. તેઓએ મસ્જિદની સામે એક મોટું પ્લેટફોર્મ બનાવ્યું અને સાંજના દીવા પ્રગટાવવા લાગ્યા હતા. ત્રણેયે સાઉન્ડ સિસ્ટમ લગાવી અને મસ્જિદના ગુંબજ ઉપર લાઉડસ્પીકર લગાવ્યું અને સાઉન્ડ સિસ્ટમ દ્વારા અઝાન આપવાનું નક્કી કર્યું, બિહારના નાલંદા જિલ્લાના એક ગામ મારીમાં દિવસમાં પાંચ વખત અઝાન થતી હતી. મારી ગામમાં કોઈ મુસ્લિમ નથી. અહીંની મસ્જિદ અને મઝાર (મકબરા)ની સંભાળ અને દેખરેખ અજય, બખોરી અને ગૌતમના હાથમાં છે-આ બધા હિન્દુઓ છે. જાનકી પંડિત કહે છે કે, આ મસ્જિદ અને મઝાર સાથે અમારી શ્રદ્ધા જોડાયેલી છે અને અમે તેનું રક્ષણ કરીએ છીએ. મારા લગ્ન ૬૫ વર્ષ પહેલાં થયા હતા, ત્યારે મેં પણ પહેલા મસ્જિદમાં માથું નમાવ્યું હતું અને પછી અમારા હિંદુ દેવતાઓની પૂજા કરી હતી. સફેદ-અને-લીલા રંગની મસ્જિદ મુખ્ય માર્ગ પરથી દેખાય છે; દર ચોમાસામાં તેનો રંગ ઝાંખો પડી જાય છે. મસ્જિદ અને દરગાહના કમ્પાઉન્ડની ચારે બાજુ ચાર ફૂટ ઉંચી બાઉન્ડ્રી વોલ છે. સરકારી શાળાના નિવૃત્ત શિક્ષક પંડિત કહે છે કે, ગામના લોકો પહેલા મસ્જિદ અને મઝાર ઉપર માથું નમાવે છે અને પછી જ હિંદુ દેવી-દેવતાઓને પ્રણામ કરવા જઈએ છીએ. ગામની બહારથી લગ્નનું સરઘસ આવે ત્યારે પણ વરને પહેલા મસ્જિદમાં લઈ જવામાં આવે છે. ત્યાં પ્રણામ કર્યા પછી, અમે તેને મંદિરોમાં લઈ જઈએ છીએ. તે ફરજિયાત ધાર્મિક વિધિ છે. સ્થાનિક લોકો દરગાહ ઉપર પ્રાર્થના કરે છે અને જો ઈચ્છા પૂર્ણ થાય છે, તો તેના ઉપર ચાદર ચઢાવે છે. પચાસ વર્ષ પહેલાં મારીમાં મુસ્લિમ વસ્તી ઓછી હતી. બિહાર શરીફમાં ૧૯૮૧ની કુખ્યાત કોમી હિંસા પછી તેઓએ ગામ છોડી દીધું. તે વર્ષના એપ્રિલમાં રમખાણોની શરૂઆત એક તાડીની દુકાન ઉપર હિંદુ અને મુસ્લિમો વચ્ચેના વિવાદથી થઈ હતી અને ૮૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ પ્રદેશના કોમી વાતાવરણે અહીંના મુસ્લિમોને હચમચાવી દીધા. ૧૯૮૧માં મારીમાંથી ભાગી ગયેલા આશરે ૨૦ મુસ્લિમ પરિવારોમાં અન્સારીનો સમાવેશ થાય છે. એવું માનવામાં આવે છે કે પહેલા, પૂર અને આગ જેવી કુદરતી આફતોને કારણે ગામ ઘણી વખત નાશ પામ્યું હતું. પરંતુ એકવાર તેમણે અહીં રહેવાનું શરૂ કર્યું, પછી આવી આપત્તિ ક્યારેય પાછી આવી નહીં. તેમના મૃત્યુ પછી, તેમની મઝાર બનાવવામાં આવી અને ગામના હિંદુઓએ પૂજા કરવાનું શરૂ કર્યું હતું અને આ પરંપરા આજે પણ ચાલુ છે. ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં મસ્જિદમાં અઝાન બંધ થઈ ગઈ હતી અને તેથી તેમણે અઝાન માટે મુએઝિનને રાખ્યો હતો. મુએઝીનનું કામ દિવસમાં પાંચ વખત અઝાન આપવાનું છે. અમે ત્રણ લોકો તેને માસિક પગાર તરીકે ૮,૦૦૦ રૂપિયા આપીએ છીએ અને તેને ગામમાં રહેવા માટે રૂમ આપ્યો છે.

# જનરલ અને પોલીસ ઓબ્ઝર્વરે ૧૩- જૂનાગઢ લોકસભા મતવિસ્તારના સ્ટ્રોંગ રૂમ- કાઉન્ટિંગ સેન્ટરનું નિરીક્ષણ

## જનરલ ઓબ્ઝર્વર મોહંમદ ઝુબેર અલી હાશમી અને પોલીસ ઓબ્ઝર્વર નાઝનીન ભસીને જરૂરી વ્યવસ્થાઓ સંદર્ભે જીલ્લા ચૂંટણી અધિકારી અનિલકુમાર રાણાવસિયા સહિતના અધિકારીઓ સાથે પરામર્શ કર્યો




જૂનાગઢ, તા.૨૪

જનરલ ઓબ્ઝર્વર મોહંમદ ઝુબેર અલી હાશમી અને પોલીસ ઓબ્ઝર્વર નાઝનીન ભસીને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયા સાથે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કૃષિ ઈજનેરી મહાવિદ્યાલય ખાતે તૈયાર થનાર સ્ટ્રોંગ રૂમ - મતગણના કેન્દ્ર ખાતે જરૂરી વ્યવસ્થાઓ સંદર્ભે નિરીક્ષણ કર્યું હતું. ૧૩-જૂનાગઢ લોકસભા મતવિસ્તાર હેઠળના હેઠળના જૂનાગઢ, વિસાવદર, માંગરોળ, સોમનાથ, તાલાળા, કોડીનાર અને ઉના વિધાનસભા મતવિસ્તારના ઈવીએમ વીવીપેટ મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા પછી આ કૃષિ ઈજનેરી અને મહાવિદ્યાલય ખાતે રાખવામાં આવશે. ત્યારે જરૂરી વ્યવસ્થાઓ સંદર્ભે જનરલ ઓબ્ઝર્વર મોહંમદ ઝુબેર અલી હાશમી અને પોલીસ ઓબ્ઝર્વર નાઝનીન ભસીને કલેકટર સાથે જરૂરી પરામર્શ કર્યો હતો. ખાસ કરીને સુરક્ષાની દ્રષ્ટિથી પણ વિવિધ પાસાઓનુ નિરીક્ષણ કર્યુ હતુ. ઉપરાંત પોસ્ટલ બેલેટ કાઉન્ટિંગ હોલ, સ્ટ્રોંગ રૂમ, કોમ્પ્યુટર રૂમ, મીડિયા રૂમ સહિતની વ્યવસ્થાઓ મુદ્દે ચર્ચા કરી હતી. ઉલ્લેખનીય છે કે, સ્ટ્રોંગ રૂમની થ્રી લેયર સિક્યુરિટી રાખવામાં આવે છે. ઉપરાંત સીસીટીવી કેમેરા પણ ગોઠવવામાં આવશે. આ તકે જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી હર્ષ પટેલ સહિતના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં હનુમાન જયંતિ નિમિત્તે એસટી બ્રહ્મસમાજ, સાધુ સમાજ દ્વારા શરબત વિતરણનો કાર્યક્રમ યોજાયો




જૂનાગઢ તા. ૨૪

હનુમાન જયંતિના પાવન પર્વ નિમિત્તે જૂનાગઢ વિભાગમાં ફરજ બજાવતા એસટી બ્રહ્મસમાજ સાધુ સમાજના કર્મચારીઓ દ્વારા ઉનાળાની કાળઝાળ ગરમીથી બચવા એસટી કર્મચારીઓ માટે તથા જાહેર જનતા માટે શરબત વિતરણનો કાર્યક્રમ જૂનાગઢ બસ સ્ટેન્ડ ખાતે રાખવામાં આવેલ હતો. જેમાં બહોળી સંખ્યામાં કર્મચારીઓ તથા સંગઠનના આગેવાનો હાજર રહેલ હતા. આ તકે જૂનાગઢ વિભાગના વિભાગીય નિયામક શ્રી રાવલ, વિભાગીય ઈજનેર સોલંકી, વિભાગીય પરિવહન અધિકારી ખાંભલા, જૂનાગઢ ડેપો મેનેજર મકવાણા વગેરે હાજર રહેલ હતા. આ તકે બ્રહ્મસમાજ સાધુ સમાજ જૂનાગઢ વિભાગના પ્રમુખ તરીકે આનંદભાઈ પરબીયા, ઉપપ્રમુખ તરીકે ગજેન્દ્રગીરીબાપુ, મહામંત્રી તરીકે કમલેશ પંડયા તથા ખજાનચી તરીકે કિરણભાઈ પંડયાની નિમણૂંક કરવામાં આવી હતી. નવા નિમાયેલા તમામ હોદેદારોને એસટી કર્મચારી મંડળના મહામંત્રી દિલીપભાઈ રવિયા દ્વારા અભિનંદન આપી આવકારેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ડેપોના કર્મચારીઓએ તથા સંગઠનના આગેવાનોએ જહેમત ઉઠાવી હતી. (તસ્વીરઃ જયેશ મહેતા)

# ખંભાળિયા નજીક આશાસ્પદ અગ્નિવીર જવાનનું કાર અડફેટે કરૂણ મોત

## હૈદરાબાદ ટ્રેનિંગમાં જતા પૂર્વે સર્જાયો અકસ્માતથી અરેરાટી



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૪

ખંભાળિયા તાલુકાના વચલા બારા ગામે રહેતા અને અગ્નિવીર ટ્રેનિંગમાં પાસ થઈ અને હૈદરાબાદ ટ્રેનિંગમાં જાય તે પૂર્વે ખંભાળિયા નજીક ગઈકાલે મંગળવારે એક મોટરકારની અડફેટે આશાસ્પદ યુવાનનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવની વિગત એવી છે કે ખંભાળિયા તાલુકાના વચલા બારા ગામે રહેતા બ્રિજરાજસિંહ પ્રવિણસિંહ સોઢા નામના ૨૦ વર્ષના યુવાન આર્મીની ભરતી પ્રક્રિયામાં સિલેક્ટ થઈ ગયા હતા. જેથી આ અંગેની ટ્રેનિંગ માટે હૈદરાબાદથી આવીને પરત જવાના હોવાથી મંગળવારે સવારના આઠેક વાગ્યાના સમયે તેમના મોટાભાઈ વિરેન્દ્રસિંહ પ્રવિણસિંહ સોઢા, પિતરાઈભાઈ શક્તિસિંહ તેમજ તેમના મામા દિલીપસિંહ ઈક્કો કારમાં તેમને મૂકવા ખંભાળિયા-દ્વારકા માર્ગ પર અત્રેથી આશરે ૧૪ કિલોમીટર દૂર હંસ્થળ ગામના પાટીયા પાસે પહોંચ્યા હતા. અહીંથી જવા માટે બ્રિજરાજસિંહ સહિત ત્રણેય વ્યક્તિઓ એક ખાનગી ટ્રાવેલ્સની બસની રાહ જોઈ રહ્યા હતા, ત્યારે આ માર્ગ પરથી પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલી જી.જે. ૦૩ એલ.એમ. ૪૬૧૦ નંબરની સ્વીફ્ટ મોટરકારના ચાલકે આ માર્ગ પર ઉભા રહેલા બ્રિજરાજસિંહને અડફેટે લેતા તેમના માથામાં ગંભીર ઈજા થઈ હતી અને લોહી લોહાણ હાલતમાં ગંભીર અવસ્થામાં તેમને ઈમરજન્સી ૧૦૮ મારફતે અહીંની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. અહીં પોલીસે પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી કરી હતી.

આ સમગ્ર પ્રકરણ અંગે વચલા બારા ગામના રહીશ અને મૃતક બ્રિજરાજસિંહના મોટાભાઈ વિરેન્દ્રસિંહ પ્રવિણસિંહ સોઢા (ઉ.વ.૨૬) ની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે સ્વિફ્ટ મોટરકારના ચાલક સામે આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૦૪ (એ) તથા એમ.વી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, ધોરણસર તપાસ હાથ ધરી છે. અકસ્માત બાદ પલટી જવાથી આ મોટરકારનો બુકડો બોલી ગયો હતો. આ મોટરકાર એક સગીર વયનો યુવાન ચલાવી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.

# ચોમાસું શરૂ થાય તે પહેલા જોષીપરા વિસ્તારના બાકી રહેતા રસ્તા નવા કરી આપવા માંગ

## એડવોકેટ પ્રતિકભાઈ રાવલ દ્વારા મનપાના કમિશ્નરને પત્ર પાઠવી રજુઆત કરાઈ

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢ મનપાના કમિશ્નરને એડવોકેટ પ્રતિકભાઈ રાવલ દ્વારા એક પત્ર પાઠવી અને જોષીપરાના બાકી રહી ગયેલ રસ્તા નવા કરી આપવા રજુઆત કરી છે. આ પત્રમાં વધુમાં જણાવેલ છે કે, જોષીપરા વિસ્તારમાં આવેલ સરદારપરા કન્યા છાત્રાલયથી પટેલ સમાજ તરફ જતો મુખ્ય રસ્તો કે જયાંથી રોજના હજારો લોકો, વિદ્યાર્થીઓ વગેરે પસાર થાય છે. એ ઉપરાંત ખલીલપુર મેઈન રોડથી વિશ્વાસસીટી તરફ જતો રસ્તો વર્ષોથી બનાવેલ ન હોય જેથી અતિ બિસ્માર હાલતમાં હોવાથી લોકોને પારાવાર અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો છે અને આ બિસ્માર રોડ પર જીવલેણ ગટરના ઢાંકણા પણ જોખમી બની રહયા છે. વિશેષમાં ખરાબ રોડને લીધે લોકોની શારીરિક, માનસિક, આર્થિક ત્રાસ અનુભવાઈ રહયો છે. ચોમાસાની ઋતુ પણ નજીકના દિવસોમાં શરૂ થવા જઈ રહી છે અને બિસ્માર રોડ -રસ્તા હોવાથી નાના મોટા અકસ્માતો પણ છાશવારે બની રહયા છે અને રાહદારીઓને આ રસ્તા ઉપર ચાલવાની પણ મુશ્કેલી પડી રહી છે. તેમજ લોકોને પોતાના જીવના જોખમે સદરહું રોડ ઉપર પસાર થવું પડી રહયું છે જેથી એક જાગૃત નાગરીક તરીકે લોકો વતી હાલની અરજી કરવાનું ચોકકસ કારણ ઉત્પન્ન થયું છે અને અંતમાં જૂનાગઢ મહાનગરપાલિકાની હદમાં કોઈપણ વિસ્તારોમાં જો કોઈ રોડ બિસ્માર હાલતમાં હોય તો ચોમાસાની ઋતુ પહેલા નવા કરી આપવા તેમજ ભવિષ્યનું જોખમ ટાળવા પગલા ભરવાની માંગણી અંતમાં એડવોકેટ પ્રતિકભાઈ રાવલે કરી છે.

# દ્વારકાના વસઈ ખાતેથી વિપુલ પ્રમાણમાં દેશી દારૂનું ઉત્પાદન ઝડપાયું : ભઠ્ઠી સહિતનો મુદામાલ કબ્જે કરાયો




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૨૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એલ.સી.બી. પોલીસ દ્વારા વિવિધ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિઓ સામે કડક હાથે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત ગત સોમવારે એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન દ્વારકા પંથકમાં પહોંચતા એલ.સી.બી.ના હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા તથા મસરીભાઈ છુછરને મળેલી ચોક્કસ બાતમીના આધારે વસઈ ગામની સીમમાં રહેતા હિન્દુ વાઘેર લખમણભા નથુભા માણેક અને કરસનભા દેવુભા માણેક નામના બે શખ્સો દ્વારા પોતાના રહેણાંક મકાન નજીક કબ્જા ભોગવટાની વાડીમાં દેશી દારૂની ભઠ્ઠી ચલાવી અને દારૂ ગાળવાની અસામાજિક પ્રવૃત્તિ કરવામાં આવતી હોવાથી આને અનુલક્ષીને પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી, તથા તેમની ટીમ દ્વારા અહીં જંગલ જેવા વિસ્તારમાં ઝાડી જાખરામાંથી પસાર થઈ અને લાંબી જહેમત બાદ આ સ્થળે પહોંચવામાં સફળતા મળી હતી.

અહીંથી પોલીસે ૩૦૦ લીટર દેશી દારૂ, ૧૧૨૫૦ લીટર દારૂ બનાવવાનો આથો, ૧૫ ડબ્બા અખાદ્ય ગોળ જેવી દારૂ બનાવવામાં વપરાતી ચીજ વસ્તુઓ ઉપરાંત અહીં રહેલું રૂપિયા ૨૦,૦૦૦ ની કિંમતનું જી.જે. ૩૭ એ. ૮૮૦૬ નંબરનું હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ મળી, ચાર ટ્રેક્ટર ભરીને કુલ રૂ. ૮૪,૭૯૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જો કે આરોપીઓ નાસી છૂટવામાં સફળ થયા હતા.

આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, બલભદ્રસિંહ ગોહિલ, કુલદીપસિંહ જાડેજા, પ્રદીપસિંહ જાડેજા, ગોવિંદભાઈ કરમુર, મસરીભાઈ, સચિનભાઈ, વિશ્વદિપસિંહ વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# વેરાવળ ખાતે કર્તવ્ય ફાઉન્ડેશન દ્વારા પ્રતિભા સન્માન કાર્યક્રમ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

ગીર સોમનાથ, તા.૨૪

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ મુકામે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતા અને સામાજિક કાર્યો કરતા કર્તવ્ય ફાઉન્ડેશન દ્વારા ડો.બાબા સાહેબ આંબેડકરની ૧૩૩ મી જન્મ જયંતીનાં ભાગરૂપે પ્રતિભા સન્માન સમરોહ યોજાયો હતો. જેમાં ધોરણ ૧ થી કોલેજ સુધીનાં વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ લોકો માટે સમૂહ ભોજનનું આયોજન પણ કરાયું હતું. આ તકે કર્તવ્ય ફાઉન્ડેશનનાં પ્રમુખ હરેશભાઈ ધોળીયા , મંત્રી ડો. પુષ્પાબેન વાઢેળ, માલદેભાઈ વાજા, ડો.પ્રતાપભાઈ વાજા, હિતેશભાઈ મુછડીયા, દિનેશભાઈ દાફડા, ડો. પ્રતીકભાઈ સોસા, ભગવાનભાઈ સોલંકી, ડો. નરેશભાઈ પરમાર, મુછડીયા, હિતેશભાઈ ચાંડપા અને પીએસઆઈ રાઠોડબેન ઉપસ્થિત રહ્યા હતા.

# મછુંન્દ્રી નદીના કાંઠે આવેલ પ્રાચીન કેદારેશ્વર મહાદેવ મંદિરે યોજાઈ રહેલ ૮૨મી કથા



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૪

ગીરગઢડા તાલુકાના ફાટસર ગામની સીમમાં પવિત્ર મછુંન્દ્રી નદીના કાંઠે આવેલ પ્રાચીન કેદારેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે. મંદિરના બ્રહ્મલીન મહંત મુનિ મહારાજના સંકલ્પથી ૮૨મી કથા યોજાઈ રહી છે. આ કથામાં ઊનાના નિવૃત્ત કેળવણી નિરીક્ષક અને લેખક અને ઈતિહાવવિદ્ દેવશંકરભાઈ એન. પુરોહિતએ ગીરની આસ્થા, સ્વયંમ્ સંચાલિત શ્રધ્ધાથી સમૃદ્ધિ સંકલ્પ સિધ્ધ ભૂમિ કેદારેશ્વર નામનું ૪૦ પાનાનું પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં કેદારેશ્વરનું નામાભીધાન, આશ્રમ, ગૌશાળા, મંદિરનો ઈતિહાસ, સપ્તાહના સંકલ્પ લેનાર મહંત શ્રી મુનિ મહારાજનું જીવન કવન, મછુંન્દ્રી નદીની જગ્યાની માહિતી પ્રસંગો અને વિસ્તૃત માહિતી કલર ફોટાઓ સાથે પુસ્તકનું નિર્માણ કાર્ય પુરોહિતભાઈએ પૂર્ણ થતાં કથાના દિવસે આશ્રમના સંચાલક ધીરૂભાઈ ખોખર, કથાના વકતા સંતરામ બાપુ વાજડી વાળા, બાપા સીતારામ બગદાણાના મુખ્ય ટ્રસ્ટી કાન્તિભાઈ પુરોહિત, ડો.અભાણી, ડો.નિમાવત, લેખક જેશિંગભાઈ સોલંકી, રામભાઈ વાળા, નરેન્દ્રભાઈ ગોસ્વામી, ઊના ગીરગઢડા તાલુકાના સેલ્ફ ફાઈનાન્સ સ્કુલ એસોસિએશનના સભ્યો, નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાય, બગદાણાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડના વિજેતા ભમ્મર, પે સેન્ટરના સ્ટાફ અને કર્મચારીઓ સાહિત્ય પ્રેમીઓની હાજરીમાં પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું અને જણાવેલ કે આ પુસ્તક આવતી પેઢી સચવાશે તો ઈતિહાસ સચવાશે તેમજ આ કાર્યક્રમમાં આવનારી લોક સભાની ચૂંટણીમાં તમામ લોકોએ મતદાન કરવા જિલ્લા કલેકટરનો સંદેશ વાંચન કરી મતદાન અવશ્ય કરવા સંકલ્પ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન ડીવાઈન સ્કુલ ઊનાના

# રાજકોટ ખાતે આગામી રવિવારે ફેફસાના રોગો માટેનો ખાસ કેમ્પ યોજાશે

રાજકોટ તા. ૨૪

અમદાવાદની જાણીતી એપીક મલ્ટી સ્પેશયાલીસ્ટ હોસ્પિટલના પલ્મોનોલોજી વિભાગના વડા અને ફેફસાના રોગોના નિષ્ણાંત ડો.જયકુમાર મહેતા દ્વારા રોટરી કલબ રાજકોટ મિટડાઉનના સૌજન્યથી આયોજીત ખાસ કેમ્પમાં શ્વાસને લગતા રોગોથી પિડાતા દર્દીઓના નિદાન તથા ઉપચાર કરવામાં આવશે. ડો.જયકુમાર મહેતા (એમબીબીએસ ગોલ્ડમેડાલીસ્ટ, એમડી, ડીએનબી, પીડીએફ ફ્રોમ સીએમસી વેલ્લોર) ઉપસ્થિતીમાં આગામી તા.૨૮-૪-૨૪ ને રવિવારના રોજ રોટરી લલિતાલય હોસ્પિટલ -૬, ગીત ગુર્જરી, સોસાયટી રોડ, એરપોર્ટ મેઈન રોડ, હોટલ પેટ્રીયા સ્યુટસની સામે રાજકોટ ખાતે સવારે ૯ થી બપોરે ૧ દરમ્યાન ઉપરોક્ત રોગો માટેનો ખાસ કેમ્પ યોજવામાં આવશે. આ કેમ્પમાં ફેફસાના રોગોથી પિડાતા દર્દીઓ કે જેમને વારંવાર કફ, ઉધરસ, ખાંસી થઈ જતા હોય, એલર્જી-અસ્થમાની બિમારી હોય, પમ્પ, ઈનહેલર દવાઓ લેવી પડતી હોય, બીડી, સિગારેટ, ધુમ્રપાન સંબંધીત બિમારી હોય, ફેફસાના જાળા બાજવાની બિમારી હોય, મોટેથી બોલતા નસકોરા, ટીમી નિમોનીયાની અસર હોય, ફેફસામાં કેન્સરની બિમારી હોય તેવા દર્દીઓ આ વિનામૂલ્યે કેમ્પનો લાભ લઈ શકશે. આ કેમ્પમાં રજીસ્ટ્રેશન માટે કેનીભાઈ (મો.૯૮૨૫૦ -૪૯૧૫૧), રવિનભાઈ (૯૮૨૫૨ ૦૩૦૩૦) તેમજ રોટરી લલિતાલય હોસ્પિટલ (૦૯૪૦૯૩ ૩૦૦૩૪/૫-૦૨૮૧-૨૪૪૦૨૪/૨૫) નો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢના બાલાજી હનુમાન મંદિરે હનુમાન જયંતિની ઉજવણી



જૂનાગઢ, તા.૨૪

જૂનાગઢ બીલખા રોડ ઉપર આવેલ પી. ટી. સી. ગ્રાઉન્ડ પાસે આવેલ શ્રી બાલાજી હનુમાનજી મંદિરે પૂજા અર્ચનાનો કાર્યક્રમ યોજાયેલ હતો તેમજ બટુક ભોજન તેમજ પ્રસાદનું વિતરણ પણ કરવામાં આવેલ હતું. ભાવિકો બહોળી સંખ્ય માં દર્શન, પ્રસાદનો લાભ લીધો હતો. આ તકે મહેન્દ્રબાપુ પૂજારી, કાળુભાઈ વાજા, કમલેશભાઈ સહીતનાં ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તા. ૨જી મેના રોજ ચુંટણી સભા

## કૃષિ યુનિવર્સીટીનાં મેદાનમાં યોજાશે કાર્યક્રમ – તડામાર તૈયારી



જૂનાગઢ તા.૨૪ લોકસભાની ચુંટણીને લઈને રાજકીય પક્ષોનું પ્રચાર તંત્ર વેગવાન બની ગયું છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી તા.૨ મેના રોજ જૂનાગઢની મુલાકાતે આવી રહયા છે અને જૂનાગઢ ખાતે કૃષિ યુનિવર્સીટીના મેદાનમાં જાહેરસભાને સંબોધન કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જૂનાગઢ ખાતેના કાર્યક્રમને લઈને તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

લોકસભાની ચુંટણી અંતર્ગત ગુજરાતની ૨૬ બેઠકો માટેનું મતદાન આગામી તા.૭ મેના રોજ થવાનું છે ગુજરાતની ૨૬ બેઠક ઉપર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો જંગી લીડથી જીતે તેવા પ્રયાસો ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામાં આવી રહયા છે. દરેક બેઠક ઉપર પાંચ લાખની લીડનું લક્ષ્યાંક મુકવામાં આવેલ છે. આ ઉપરાંત દેશભરમાં અબ કી બાર ૪૦૦ પારનો લક્ષ્યાંક મુકવામાં આવેલ છે. લોકસભાની ચુંટણી અંગે જેમ જેમ દિવસ જતા જાય તેમ ચુંટણી પ્રચાર તંત્રમાં ગરમી આવી રહી છે. આ દરમ્યાન આગામી લોકસભાની ચુંટણી અંતર્ગત જૂનાગઢ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચુંટણી સભાનું આયોજન કરવામાં આવ્યું છે. લોકસભાની ચુંટણીમાં ભાજપના પ્રચારઅર્થે માત્ર એક જ વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવનાર છે. તા.૪મેના રોજ મતદાન પુર્વેના ૪૮ કલાક પહેલા જાહેર પ્રચાર બંધ થવાના તબકકે ગુજરાતના સ્થાપના દિન ૧ મે અને ૨ મેના રોજ નરેન્દ્ર મોદી ગુજરાતના ૬ સ્થળોએ ચુંટણી રેલીને સંબોધશે તેમ મનાય છે. તા.૨-૫-૨૪ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જૂનાગઢની મુલાકાતે આવી રહયા છે. દરમ્યાન તા.૨ના સવારે કૃષિ યુનિવર્સીટીના મેદાનમાં જાહેર સભાને તેઓ સંબોધન કરશે. આ જાહેરસભા લોકસભાની ત્રણ બેઠક જૂનાગઢ, પોરબંદર અને અમરેલીને આવરી લેવામાં આવશે. દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જૂનાગઢના કાર્યક્રમને લઈને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ વ્યાપી ગયો છે અને તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

# કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી વિરૂધ્ધ વાણી વિલાસ કરનાર ભુપત ભાયાણી સામે ફોજદારી ગુનો દાખલ કરવા માંગ

## જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતભાઈ અમીપરા અને મહામંત્રી વી.ટી.સીડાએ વિસ્તૃત પત્ર પાઠવી ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી

જૂનાગઢ તા.૨૪ તાજેતરમાં વિસાવદર ખાતે ભાજપના ચુંટણી કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે યોજાયેલી સભામાં ભાજપના વધુ એક નેતા ભુપત ભાયાણીએ રાહુલ ગાંધી વિષે ફાવેતેમ બફાટ કરી વાણીવિલાસ કર્યાની ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. રાહુલ ગાંધી સામે અભદ્ર ટીપ્પણી કરનાર ભુપત ભાયાણી સામે ફોજદારી રાહે ગુનો દાખલ કરી તેમજ જયાં સુધી ચુંટણી પ્રક્રીયા પુર્ણ ન થાય ત્યાં સુધી જૂનાગઢ જીલ્લામાં તેના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવાની માંગણી જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરતભાઈ અમીપરા તેમજ જીલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી વી.ટી.સીડા દ્વારા કરવામાં આવી છે. અન આ અંગે ઉચ્ચ કક્ષાએ પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી છે.

લોકસભાની ચુંટણીનો માહોલ ગરમા ગરમ રીતે ચાલી રહયો છે ત્યારે રાજકીય પક્ષોના ખાસ કરીને ભાજપના કથિત નેતાઓના વાણી વિલાસના કારણે ચુંટણીના માહોલમાં વિવાદના વૃક્ષો વવાયા છે. અને જેના પડઘા સર્વત્ર ગુંજી રહયા છે. રાજકોટની લોકસભાની બેઠકના ભાજપ ઉમેદવાર પરસોતમ રૂપાલાએ રાજા રજવાડા અંગેની કરેલી ટીપ્પણીને લઈને ક્ષત્રિય-રાજપુત સમાજ ભારે નારાજ છે અને તેના પડઘા ગુજરાત સહિત દેશભરમાં પડી રહયા છે અને ક્ષત્રિય સમાજનું આંદોલન સતત ચાલુ રહયું છે. આ બનાવ હજુ શાંત પડયો નથી ત્યાં તાજેતરમાં વિસાવદર ખાતે ભાજપના ચુંટણી કાર્યાલયના ઉદ્‌ઘાટન વખતે જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે રાજાઓની પટરાણીઓ અંગે જે નિવેદન કરેલ હતું તેનો પણ ભારે વીરોધ થયો છે. જો કે કિરીટ પટેલે માફી માંગતી પોસ્ટ પણ જાહેર કરી હતી. દરમ્યાન કિરીટ પટેલે કરેલ વિવાદીત નિવેદન અંગે કેશોદના અલ્પેશ ત્રાંબડીયાએ કિરીટ પટેલ સામે આચારસંહિતા ભંગની ફરીયાદ કરી છે. દરમ્યાન વિસાવદર ખાતેની જ ભાજપના ચુંટણી કાર્યાલયના ઉદઘાટન વખતે યોજાયેલી સભામાં ભુપત ભાયાણીએ રાહુલ ગાંધી ઉપર ટિપ્પણી કરતા વિવાદ સર્જાયો છે. અને ભુપત ભાયાણી સામે ફોજદારી રાહે ગુનો દાખલ કરવાની માંગણી ઉઠવા પામી છે.

જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરતભાઈ અમીપરા તથા જૂનાગઢ કોંગ્રેસ સમિતિના મહામંત્રી વી.ટી.સીડાએ એક વિસ્તૃત પત્ર મુખ્ય નિર્વાચન અને સચિવશ્રી ચુંટણી વિભાગ ગુજરાત રાજય ગાંધીનગર તથા જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર જૂનાગઢને પત્ર પાઠવી રજુઆત કરતા જણાવેલ છે કે, લોકસભા ૨૦૨૪ની ચુંટણીના અનુસંધાને આદર્શઆચારસંહિતા અમલમાં છે ત્યારે સતાના મદમાં આવી અને ભુપત ભાયાણીએ રાહુલ ગાંધી વિષે જે નિવેદન કરેલ છે તેનો સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવેલ છે. એટલું જ નહી ભુપત ભાયાણી ગત વિધાનસભા ૨૦૨૨માં ચુંટાઈ આવીને વિસાવદર અને ભેસાણની જનતાનો પણ દ્રોહ કરી એક જ વર્ષમાં ભાજપમાં ભળી જઈને દ્રોહ અને ગદ્દારી કરી છે.

વિસાવદર અને ભેસાણની જનતા સાથે વિશ્વાસઘાત કરનાર ભુપત ભાયાણીએ દેશમાં જે પરિવારે બલીદાન આપેલ છે તેવા ગાંધી પરીવારના સભ્ય અને કોંગ્રેસ પક્ષના વરીષ્ઠ અગ્રણી એવા રાહુલ ગાંધી વિરૂધ્ધ વાણી વિલાસ કરેલ છે તેને સખત શબ્દોમાં વખોડી કાઢી ભાજપના ભુપત ભાયાણી સામે તાત્કાલીક ફોજદારી રાહે ગુનો દાખલ કરવાની માંગણી કરી છે. એટલું જ નહીં ચુંટણીની પ્રક્રિયા પુર્ણ ન થાય ત્યાં સુધી ભુપત ભાયાણી જૂનાગઢ જીલ્લામાં પ્રવેશ પર પ્રતિબંધ મુકવાની પણ માંગણી કરવામાં આવી છે.

# બાંટવાના થાપલા ગામે પ્લાસ્ટરની કામગીરી દરમ્યાન છાંટા ઉડવા બાબતે હુમલો : સામસામી ફરીયાદ

જૂનાગઢ તા.૪ માણાવદર તાલુકાના થાપલા ગામે પ્લાસ્ટરનું કામ ચાલતું હોય દરમ્યાન છાંટા ઉડવાના પ્રશ્ને બોલાચાલી બાદ મારામારીનો બનાવ બનતા સામસામી પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

આ બનાવ અંગે બાંટવા પોલીસે આપેલી વિગત અનુસાર ફરીયાદી સાગરભાઈ પાલાભાઈ સોલંકી(ઉ.વ.૨૯)રહે.થાપલાવાળાએ શાંતીલાલ જેરામભાઈ કવા રહે.થાપલાવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, સાગરભાઈના મકાનનુ પ્લાસ્ટર કામ ચાલુ હોય જેથી આરોપી શાંતીલાલે ફરીયાદી સાગરભાઈને પ્લાસ્ટરાનાં છાંટા ઉડવા ના જોઈ તેમ કહેતા સાગરભાઈએ આરોપી શાંતીલાલને પ્લાસટરના છાંટા ના ઉડે તે સારૂ પ્લાસ્ટીકનુ ગુગણ બાંધેલ છે અને થોડા ઘણા છાંટા ઉડશે તો સાફ કરી આપીશ તેવુ કહેતા આરોપી શાંતીલાલએ સાગરભાઈને ગાળો આપી શાંતીલાલ પાસે રહેલ કુહાડી સાગરભાઈના જમણા પગના સાથળમાં મારી ઈજા કર્યાની અંગેની ફરીયાદ નોંધાવેલ જયારે સામાપક્ષે થાપલા ગામના શાંતીલાલ જેરામભાઈ કવા(ઉ.વ.૫૭)એ સાગર પાલાભાઈ સોલંકી રહે.થાપલાવાળા વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે, સાગરભાઈના મકાનના પ્લાસ્ટરનું કામ ચાલુ હોય જે પ્લાસ્ટરનાં છાંટા શાંતીલાલના મકાનમાં ઉડતા હોય જેથી શાંતીલાલએ આરોપી સાગરને પ્લાસ્ટરના છાંટા ઉડવા ના જોયે તે બાબતે કહેતા આરોપી સાગરએ ફરીને જેમ ફાવે તેમ ગાળો આપી સાગરે પોતાની પાસે રહેલ લોખંડનો પાઈપ ફરીના જમણા હાથીની ટચલી આંગણીમાં મારી ઢીકા પાટુ વડે માર મારી ઈજા કરી શાંતીલાલને જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અદ્યતન ટેકનોલોજીનાં સથવારે ચુંટણી પ્રચાર તંત્ર બન્યું જોમવંતુ

## રાજકીય પક્ષોનાં વડામથકેથી જે તે મતદારને ફોન કરી મતદાન માટેની અપીલ તો બીજી તરફ મતદાર સ્લીપ પહોંચે તે પહેલા જ કાર્યાલયોમાંથી મતદારને કયા મતદાન મથક ઉપર મતદાન કરવા જવાનું છે તેની માહિતી અપાઈ



જૂનાગઢ તા.૪

દેશભરમાં લોકસભાની ચુંટણીને લઈને ચુંટણી પ્રચાર તંત્ર જોરશોરથી ચાલી રહયું છે. અદ્યતન ટેકનોલોજીનાં યુગમાં વોટસએપ, મોબાઈલ, મેસેજીજ સહીતનો ઉપયોગ થઈ રહયો છે. અને સોશીયલ મીડીયામાં પણ પ્રચાર તંત્ર પુર બહારમાં ખીલી ઉઠયું છે. દરમ્યાન ગુજરાતની ૨૬એ ૨૬ બેઠકોનાં મતદારોને મતદાન કરવા માટેનાં સંદેશાઓ પણ વહેતા થયા છે. આ ઉપરાંત દેશભરનાં મતદારોને પણ આગામી ચુંટણીમાં મતદાનનાં દિવસે જે તે પાર્ટીનાં ઉમેદવારને મત આપવા માટેનાં સંદેશાઓ વહેતા થયા છે. સ્થાનિક જે તે પક્ષનાં કાર્યાલયોમાંથી પણ મતદારોને ટેલીફોનીક સંદેશા દ્વારા તેમનું મતદાન બુથ કયા આવેલું છે તે અંગેની વિગત આપી ઉમેદવારને મત આપી વિજય બનાવવા હાંકલ કરવામાં આવી છે. તો બીજી તરફ ભાજપ અને કોંગ્રેસનાં ઉમેદવારો માટેનાં વડા મથક ખાતેથી પણ મોબાઈલ ઉપર ટેલીફોનીક સંદેશાઓ વહેતા થયા છે. અને પોતાનાં ઉમેદવારને વિજય બનાવવાની હાંકલ થઈ છે. આ રીતે અદ્યતન ટેકનોલોજીનાં સથવારે મતદારોને મતદાન માટેનાં સંદેશાઓ જોરશોરથી વહેતા થયા છે.

# મેંદરડા પંથકમાંથી દેશી હાથ બનાવટની પીસ્તોલ સાથે એકને ઝડપી લેતી પોલીસ



જૂનાગઢ તા.૨૪ જૂનાગઢ જીલ્લાના મેંદરડા પંથકમાંથી એક શખ્સને પોલીસે દેશી હાથ બનાવટની પિસ્તોલ સાથે ઝડપી લીધેલ છે. આ પીસ્તોલ જેની પાસેથી મેળવી તે આરોપી હાજર નહી મળી આવતા કુલ બે શખ્સો સામે હથીયારધારાભંગનો ગુન્હો દાખલ કરી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢ રેન્જનાં પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાનાં સુચના તથા માર્ગદર્શન હેઠળ જીલ્લામાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃતિઓ ઉપર અંકુશ લાવવા અને ગેરકાયદેસર હથિયારો શોધી કાઢવા તેમજ શરીર સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા સુચના કરેલ હોય. જે અન્વયે આવી ગે.કા. પ્રવૃતિ શોધી કાઢવા અને ગુન્હાઓ બનતા અટકાવવા એસ.ઓ.જી. જૂનાગઢના પોલીસ ઈન્સ.શ્રી પી.કે.ચાવડા તથા પો.સબ ઈન્સ.શ્રી એસ.એ.સોલંકી સહિત પોલીસ સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે દરમ્યાન એસ.ઓ.જી.ના પો.હેડ કોન્સ. અનિરૂધ્ધભાઈ વાંક તથા પો.કોન્સ. રોહીતભાઈ ધાધલનાઓને સંયુકત બાતમીદાર મારફતે બાતમી હકિકત મળેલ કે, ''માલણકા ગામનો શિવરાજ રાવત કરપડા જે ગેરકાયદેસર હથીયાર રાખી માલણકા ગામની સીમ વિસ્તારમાં આવેલ નારાયણ ઉપવન વાડી તરફ જવાના રસ્તા પરથી પસાર થનાર છે'' અને તેમની પાસે ગે.કા. હથીયાર હોવાની ચોક્કસ બાતમી મળેલ જે ચોક્ક્સ બાતમીના આધારે માલણકા ગામ પાસેથી શિવરાજ રાવતભાઈ કરપડા (ઉ.વ.૩૫)રહે.માલણકા, તા.મેદરડાવાળાને પકડી તેની અંગઝડતી કરતા તેના પેન્ટના નેફામાંથી દેશી હાથ બનાવટની પિસ્ટલ નંગ-૧ રૂા.૨૦ હજારની કિંમતવાળી મળી આવતા તેની વિરુધ્ધ મેંદરડા પોલીસ સ્ટેશને ખાતે ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ પિસ્તોલ હાજર નહી મળી આવેલ વિજય ઉર્ફે ભીખો વલ્લભભાઈ કળથીયા રહે.મેંદરડાવાળા પાસેથી મેળવી હોવાનું બહાર આવતા પોલીસે બંને વિરૂધ્ધ આર્મ્સ એકટ કલમ ૨૫(૧-બી)એ, ૨૯, જીપીએકટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ કામગીરીમાં એસ.ઓ.જી.ના પોલીસ.ઈન્સ. પી.કે.ચાવડા તથા પો.સબ ઈન્સ. એસ.એ.સોલંકી તથા એ.એસ.આઈ એમ.વી.કુવાડીયા, તથા પો.હેડકોન્સ. અનિરુધ્ધસિંહ વાંક, પો.કોન્સ.રોહીતભાઈ ધાધલ સહિતનો સ્ટાફ જોડાયેલ હતો.

# જૂનાગઢમાં માથાના દુઃખાવાથી કંટાળી ગળાફાંસો ખાતા મૃત્યું

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢના મધુરમ વિસ્તારમાં આવેલ અદીતીનગર માધવ સ્કુલની બાજુમાં રહેતા સુરેશભાઈ રણછોડભાઈ ખંભાયતા(ઉ.વ.૪૭)એ માથાના દુઃખાવાથી કંટાળી જઈ પોતાની મેળે ખાટલો ભરવાની પાટીથી ગળાફાંસો ખાઈ લઈ જીવનનો અંત આણ્યાનો બનાવ બનવા પામ્યો છે. તા.૨૩-૪-૨૩ કલાક ૨૦-૧૦ પહેલા કોઈપણ સમયે પંચેશ્વર રોડ બરફના કારખાના પાસે આવેલ લાકડાના કારખાનામાં આ બનાવ બન્યો હોવાનું જાહેર થયેલ છે. આ બનાવની જાણ થતા એ ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જયારે વિસાવદર તાલુકાના ઘંટીયાણ ગામે હરેશભાઈ ભાકલાભાઈ ચનીયારા(ઉ.વ.૪૦)એ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધા હોવાની જાણ મગનભાઈ બચુભાઈ જાલેરાએ વિસાવદર પોલીસને કરતા બનાવ અંગે પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક • ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો
ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્ર નોરતા..
ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ